અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

02 JANUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 182 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



ભારતવંશી ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બન્યા: કુરાન પર હાથ રાખીને શપથ લીધા,.....

4



આંખ જ્યારે બુદ્ધિનો સંગ કરે, ત્યારે અક્ષરો વંચાયને અર્થ મળે. પરંતુ આંખ જ્યારે હૃદયનો સંગ કરે,....

6



વિરાટની અનુષ્કા સાથે નવા વર્ષની ઉજવણી, ચહેરા પર સ્પાઈડરમેન - સ્ટાઈલ માસ્કનો ફોટો શેર કર્યો

7



સોના-ચાંદીના ભાવમાં સતત ત્રીજા દિવસે ઘટાડો: ચાંદી 2,520 રૂપિયા ઘટીને ₹2,27,900 પર આવી, સોનું ₹1.33 .....

## મમતા સરકારમાં મા, માટી, માનુષ અસુરક્ષિત : અમિત શાહ

### ભાજપના કાર્યકરોને કહ્યું- દિલ પર લખી લો, આ વખતે ભાજપ સરકાર

**કોલકાતા, તા.01**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કોલકાતામાં ભાજપના કાર્યકર્તાઓ સાથે 2026ની વિધાનસભા ચૂંટણીને લઈને બેઠક કરી. તેમણે ભાજપના કાર્યકર્તાઓને ચૂંટણીમાં જીતનું લક્ષ્ય નક્કી કરવા જણાવ્યું. પાર્ટી કાર્યકર્તાઓને સંબોધન કરતા શાહે કહ્યું- મમતા સરકારે 'મા, માટી, માનુષ'નો નારો આપ્યો હતો, પરંતુ આજે તેમના કાર્યકાળમાં સુરક્ષિત નથી રહ્યા.



શાહે કહ્યું- બંગાળમાં મહિલાઓ અસુરક્ષિત છે, જમીન પર માફિયાઓનો કબજો છે અને લોકો હિજરત કરવા મજબૂર છે. શાહે કહ્યું કે ઘૂસણખોરો માત્ર અર્થતંત્ર પર બોજ નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને બંગાળની સાંસ્કૃતિક ઓળખ માટે પણ જોખમી છે.

શાહે કહ્યું- મમતા સરકારે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે. કરોડો રૂપિયાના કૌભાંડો થયા છે, જેમાં શિક્ષક ભરતી કૌભાંડ, SSC કૌભાંડ, નગર નિગમ ભરતી કૌભાંડ, કોલસા કૌભાંડ, રાશન કૌભાંડ, MGNREGA કૌભાંડ અને PM આવાસ યોજના કૌભાંડનો સમાવેશ થાય છે.

ગૃહમંત્રીએ કહ્યું- 2016 થી 2025ની વચ્ચે ભાજપના 300થી વધુ કાર્યકરોની હત્યા કરવામાં આવી હતી. મારા 42 વર્ષના જાહેર જીવનમાં મેં આવું બલિદાન અને સમર્પણ ક્યારેય જોયું નથી. હવે સમય આવી ગયો છે કે તે બલિદાનોનું ફળ આપવામાં આવે. દિલ પર લખી લો, આ વખતે આપણી સરકાર.

શાહે કોલકાતા અને આસપાસના વિસ્તારોમાંથી 28 માંથી 22 બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું. કોલકાતા અને તેની નજીકના શહેરી વિસ્તારોમાં જાદવપુર, દમદમ અને મધ્ય કોલકાતાની જોરાસાંકો, શ્યામપુકુર જેવી બેઠકોનો સમાવેશ થાય છે. 2021ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અહીં એક પણ બેઠક જીતી શક્યું ન હતું.

પોતાના લગભગ એક કલાકના ભાષણમાં શાહે ભવાનીપુર બેઠકનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાંથી મુખ્યમંત્રી મમતા બેનર્જીએ 2021ની પેટાચૂંટણી જીતી હતી. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અનુસાર, શાહનું ધ્યાન કોલકાતા બેલ્ટ પર છે, જેમાં કોલકાતા, પૂર્વ અને દક્ષિણમાં ઉત્તર અને દક્ષિણ 24 પરગણા અને પશ્ચિમમાં હુગલી નદી પાર હાવડા જિલ્લો સામેલ છે. આ વિસ્તારોમાં લગભગ 140 વિધાનસભા બેઠકો છે, જ્યાં પાર્ટી નબળી માનવામાં આવે છે.

અમિત શાહ 30 અને 31 ડિસેમ્બરે પશ્ચિમ બંગાળના બે દિવસના પ્રવાસે હતા. પ્રવાસના પહેલા દિવસે તેમણે કોલકાતામાં પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં મમતા સરકાર ઘૂસણખોરી રોકી શકતી નથી. જો રાજ્યમાં ભાજપ સરકાર બનશે તો અહીં ઘૂસણખોરી રોકીશું. બંગાળમાં તમામ યોજનાઓ ડેડ એન્ડ પર પહોંચી ગઈ છે.

ખરેખર, શાહ બંગાળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને લઈને બંગાળ પહોંચ્યા હતા. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાનો કાર્યકાળ 7 મે 2026 સુધીનો છે. ચૂંટણી માર્ચ-એપ્રિલ 2026માં યોજાવાની લગભગ નિશ્ચિત છે. અહીં કુલ 294 બેઠકો છે, TMCની સરકાર છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી છે.

## શિવસેનાના ઉમેદવાર પોતાની જ પાર્ટીના બીજા ઉમેદવારનું A-B ફોર્મ ફાડી ગળી ગયા, કહ્યું- હું સત્તાવાર ઉમેદવાર છું

**મુંબઈ, તા.01**

મહારાષ્ટ્રમાં નગર નિગમ ચૂંટણી પહેલા એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પુણેમાં શિવસેનાના એક ઉમેદવારે પોતાની જ પાર્ટીના ઉમેદવારનો A-B ફોર્મ ફાડીને ગળી ગયો. આ ઘટના બુધવારે ધનકવડી સહકારનગર વોર્ડ કાર્યાલયમાં બની હતી. બાદમાં ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનમાં શિવસેનાના ઉમેદવાર ઉદ્ધવ કાંબલે વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

પુણેમાં વોર્ડ નંબર 34 માટે શિવસેનાના બે ઉમેદવારોને A-B ફોર્મ જાહેર કરવામાં આવ્યા હતા. આ પછી શિવસેનાના ઉમેદવારો કાંબલે અને મચ્છિન્દ્ર ધવલે વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. પોલીસના જણાવ્યા અનુસાર, દલીલ દરમિયાન, કાંબલેએ ધવલેનું A-B ફોર્મ છીનવી તેને ફાડી અને ટુકડા ગળી લીધા.

ફોર્મ A અને B એ જરૂરી દસ્તાવેજો છે જેના હેઠળ એક રાજકીય પક્ષ કોઈ ચોક્કસ નોમિનીને ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર જાહેર કરે છે. BMC



સહિત 29 નગર નિગમોની ચૂંટણી 15 જાન્યુઆરીએ યોજાવાની છે, મતગણતરી બીજા દિવસે થશે. નોમિનેશન પ્રક્રિયા 23 ડિસેમ્બરે શરૂ થઈ હતી, જે 30 ડિસેમ્બરે સમાપ્ત થઈ. 2 જાન્યુઆરી નોમિનેશન પાછું ખેંચવાની છેલ્લી તારીખ છે. ઉમેદવારોની અંતિમ યાદી 3 જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. કેસ નોંધાયા બાદ પોલીસ કાંબલેની શોધ કરી રહી હતી. આ દરમિયાન દસ્તાવેજો ગળી જનાર ઉદ્ધવ કાંબલે પોતે પોલીસ સ્ટેશન પહોંચી ગયા. તેમણે જણાવ્યું કે તેઓ પાર્ટીના કેટલાક પદાધિકારીઓ સાથે પોતે પોલીસ સમક્ષ હાજર થયા છે. તેમણે એવો પણ દાવો કર્યો કે તેઓ વોર્ડ નંબર 36 માંથી પાર્ટીના સત્તાવાર ઉમેદવાર છે અને પાર્ટીએ તેમને A-B ફોર્મ આપ્યું હતું. જોકે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન તેમની કાર્યવાહીને કારણે તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને આગળની તપાસ ચાલુ છે.

મહારાષ્ટ્રની 288 નગર પરિષદો અને નગર પંચાયતો માટે 2 ડિસેમ્બર અને 20 ડિસેમ્બરે મતદાન થયું હતું. 21 ડિસેમ્બરે આવેલા પરિણામોમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધન (NDA) ને ભવ્ય જીત મળી. 288 બેઠકો (246 નગર પરિષદો અને 42 નગર પંચાયતો) ના પરિણામોમાં મહાયુતિને 207 બેઠકો પર જીત મળી. ગઠબંધનમાં ભાજપ 117 બેઠકો પર જીત સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યું છે. એકનાથ શિંદેની શિવસેનાને 53 બેઠકો, NCP અજિતને 37 બેઠકો મળી. જ્યારે, વિપક્ષી મહા વિકાસ આઘાડી (MVA) ગઠબંધન 44 બેઠકો સુધી સીમિત રહ્યું. તેમાં કોંગ્રેસને 28 બેઠકો મળી, જ્યારે શરદ પવારની NCP ને માત્ર 7 અને શિવસેના (UBT) ને 9 બેઠકો મળી.

## UPના 35 શહેરોમાં ગાઢ ધૂમ્મસ, રાજસ્થાન-હરિયાણામાં વરસાદ, સમગ્ર બિહારમાં કોલ્ડ ડે-ધૂમ્મસનું એલર્ટ....

**નવી દિલ્હી, તા.01**

ઉત્તર પ્રદેશના 35 જિલ્લાઓમાં આજે ગાઢ ધુમ્મસ છવાયેલું છે. કોલ્ડવેવ પણ છે. મેરઠ-ગાઝિયાબાદ સહિત 14 જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. બુધવારે કાનપુર સૌથી ઠંડું રહ્યું, અહીં લઘુત્તમ તાપમાન 4.6C રહ્યું. રાજસ્થાનના જયપુર-ચિત્તોડગઢમાં ગુરુવારે સવારે ભારે વરસાદ થયો. આજે 8થી વધુ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી છે. હરિયાણાના કેટલાક શહેરોમાં વરસાદ થયો છે. રાજ્યની તમામ શાળાઓમાં આજથી શિયાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.



પંજાબના મોટાભાગના જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયું. ઝરમર વરસાદ પણ થયો, કોલ્ડવેવ પણ છે. હવામાન વિભાગે તમામ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ગુરદાસપુરમાં સૌથી ઓછું તાપમાન 5.2C રહ્યું.

પહાડી રાજ્યો હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા ચાલુ છે. દિલ્હીમાં 31 ડિસેમ્બરે છેલ્લા 6 વર્ષમાં સૌથી ઓછું તાપમાન 6.4C રહ્યું હતું. 2019માં આ 9.4C હતું. આજે દિલ્હીમાં પણ વરસાદનું એલર્ટ છે.

## 15 ઓગસ્ટ 2027એ દેશની પહેલી બુલેટ ટ્રેન દોડશે: સુરત-બીલીમોરા પહેલો ફેઝ, વંદે ભારત સ્લીપરનું 180ની સ્પીડે ટેસ્ટિંગ કરાયું

**નવી દિલ્હી, તા.01**

પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન ગુવાહાટીથી કોલકાતા વચ્ચે ચાલશે. થર્ડ એસીનું ભાડું 2,300 નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે સેકન્ડ એસીનું ભાડું 3,000 હશે. ફર્સ્ટ ACનું ભાડું આશરે 3,600 પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.

રેલમંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે જણાવ્યું હતું કે વંદે ભારત સ્લીપર ટ્રેનના ટેસ્ટિંગ, ટ્રાયલ અને સર્ટિફિકેશન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. સ્લીપર ટ્રેનને 1000 કિલોમીટરથી વધુ લાંબા અંતરની યાત્રાને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આ વર્ષના અંત



સુધીમાં લગભગ 12 વંદે ભારત સ્લીપર ટ્રેનો તૈયાર થઈ જશે.

બે દિવસ પહેલાં આ ટ્રેનનું ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. આ ટ્રેન 180 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કોટા-નાગદા રેલવેટ્રેક પર દોડી. લોકોપાઈલટે 4 ગ્લાસમાં પાણી રાખ્યું હતું, આટલી ઝડપ દરમિયાન પણ ગ્લાસમાંથી પાણી છલકાયું નહોતું.

બીજી તરફ બુલેટ ટ્રેનને લઈને રેલમંત્રીએ કહ્યું હતું કે તે 15 ઓગસ્ટ 2027ના રોજ શરૂ થશે. સૌથી પહેલા સુરતથી બીલીમોરા સુધીનું સેક્શન ખૂલશે. એ પછી વાપીથી સુરત સુધી ખૂલશે. પછી વાપીથી અમદાવાદ સુધી ખૂલશે અને એ પછી થાણેથી અમદાવાદ સુધી ચલાવવામાં આવશે.

રેલમંત્રી વૈષ્ણવે ગુરુવારે એક પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે PM મોદી ટૂંક સમયમાં પ્રથમ સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવશે. લાંબા સમયથી નવી જનરેશનની ટ્રેનોની માગ થઈ રહી હતી. વંદે ભારત ચેર કારે ભારતીય રેલવેમાં એક નવા યુગની શરૂઆત કરી. લોકોને એ ખૂબ પસંદ આવવા લાગી. દેશના ખૂણેખૂણેથી વંદે ભારત ટ્રેનો ચલાવવાની માગ થઈ રહી છે.

વંદે ભારત સ્લીપરમાં એડવાન્સ્ડ સેફ્ટી ફીચર્સ, સસ્પેન્શન સિસ્ટમ અને વર્લ્ડ-ક્લાસ સ્લીપર કોચ છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે સામાન્ય રીતે ગુવાહાટી-હાવડા રૂટ પર હવાઈ ભાડું 6,000થી 8,000ની વચ્ચે હોય છે. ક્યારેક 10,000 સુધી પણ પહોંચી જાય છે. જ્યારે વંદે ભારત સ્લીપરમાં ગુવાહાટીથી હાવડા સુધી થર્ડ ACનું ભાડું 2,300 રાખવામાં આવ્યું છે.

## 'સૌથી સ્વચ્છ શહેર' ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે 7 મોત, 149 દાખલ, અધિકારીઓ સામે કાર્યવાહી

**ઈન્દોર, તા.01**

જે ઈન્દોર શહેરને ભારત સરકાર દ્વારા છેલ્લા ઘણાં વર્ષોથી સતત 'દેશના સૌથી સ્વચ્છ શહેર'નો ઍવૉર્ડ આપીને સન્માનિત કરવામાં આવે છે, એવામાં હવે ત્યાં જ વહીવટીતંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. ઈન્દોરમાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી ગયું. આ જળ પ્રદૂષણ સંકટે અત્યાર સુધીમાં 7 નિર્દોષ લોકોનો ભોગ લીધો છે. તપાસમાં બહાર આવ્યું છે કે એક પોલીસ ચોકી પાસે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનની બરાબર ઉપર સેફ્ટી ટેન્ક વગરનું શૌચાલય બનાવી દેવામાં આવ્યું હતું. આ બેદરકારીના કારણે ગટરનું ગંદુ પાણી પાઈપલાઈનના લીકેજ વાટે પીવાના શુદ્ધ પાણીમાં ભળ્યું અને આખરે તે લોકોના ઘર સુધી પહોંચ્યું.

મેયર પુષ્યમિત્ર ભાર્ગવે આ ઘટનામાં 7 લોકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે આરોગ્ય વિભાગ હાલમાં 3 સત્તાવાર મોત ગણાવી રહ્યું છે. અત્યાર સુધીમાં 149થી વધુ લોકો ગંભીર ઝાડા-ઊલટીના કારણે હૉસ્પિટલમાં દાખલ થયા છે,



જેમાંથી 116 દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે.

ઈન્દોરની સ્વચ્છ શહેર તરીકેની પ્રતિષ્ઠિત છબીને આ ઘટનાથી મોટો ધક્કો લાગ્યો છે, જેને પગલે સ્થાનિક તંત્ર હવે સફાળું જાગીને એક્શન મોડમાં આવ્યું છે. તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી બદલ જવાબદારી નક્કી કરી કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે, જેમાં વોટર સપ્લાય વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ફરજમાં નિષ્કાળજી બદલ સબ-એન્જિનિયરને પણ તેમની ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. સમગ્ર પ્રક્રિયામાં યોગ્ય સંકલન જાળવવામાં નિષ્ફળ રહેલા ઝોનલ ઑફિસર વિરુદ્ધ પણ સસ્પેન્શનની આકરી કાર્યવાહી કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી ગંભીર ભૂલનું પુનરાવર્તન ન થાય.

પોતાના સ્વજનો ગુમાવનારા પરિવારો ભારે આક્રોશમાં છે. 29 વર્ષીય ઉમા કોરીના પતિ બિહારીએ કહ્યું, 'મારા નાના બાળકો હવે તેમની માને શોધી રહ્યા છે. શું આ જ સ્વચ્છ શહેરની વ્યાખ્યા છે? કોઈકની બેદરકારીએ મારો આખો પરિવાર વિખેરી નાખ્યો.' અન્ય લોકોએ પણ ફરિયાદ કરી હતી કે પાણી એક અઠવાડિયાથી કડવું અને ગંદુ આવી રહ્યું હતું, પરંતુ વારંવારની રજૂઆત છતાં કોઈએ ધ્યાન આપ્યું નહોતું.

## ભારત-પાકિસ્તાને એકબીજાને સોંપી પરમાણુ સંસ્થાઓની યાદી, 35 વર્ષ જૂની પરંપરા....

**નવી દિલ્હી, તા.01**

ભારત અને પાકિસ્તાને નવા વર્ષના પહેલા જ દિવસે 35 વર્ષ જૂની પરંપરા નિભાવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, સમજૂતી મુજબ બંને દેશોના રાજદ્વારીઓએ આજે એકબીજાની પરમાણુ સંસ્થાઓ અને સુરક્ષા સંબંધિત માહિતીની આપ-લે કરી છે. બંને દેશોએ એકબીજાની પરમાણુ સંસ્થાઓ પર હુમલો અટકાવવા માટે એક કરાર કર્યો હતો, જેના ભાગરૂપે આ આપ-લે કરવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પોતપોતાની પરમાણુ સંસ્થાઓ અને તેને લગતી વિગતો એકબીજાને સોંપવા માટે 31 ડિસેમ્બર 1988માં સમજૂતી થઈ હતી. ત્યારબાદ આ સમજૂતી 27 જાન્યુઆરી-1991માં લાગુ કરવામાં આવી હતી. સમજૂતી મુજબ બંને દેશો દર વર્ષની પહેલી જાન્યુઆરીએ પોત-પોતાની પરમાણુ સંસ્થાઓ અને તે સંબંધિત અન્ય માહિતી એકબીજાને શેર કરતા હોય છે. આમ બંને દેશોએ અત્યાર સુધીમાં કુલ 34 વાર એકબીજાને યાદી સોંપી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ભારત અને પાકિસ્તાને 'કોન્સુલર એક્સેસ 2008' હેઠળ બંને દેશોની કસ્ટડીમાં રહેલા કેદીઓ અને માછીમારોની પણ યાદી એકબીજાને સોંપી છે. બંને દેશોના રાજદ્વારી માધ્યમ દ્વારા આ યાદી સોંપવામાં આવી છે. ભારતે 391 નાગરિક કેદીઓ અને 33 માછીમારોની યાદી સોંપી છે, જેમાં પાકિસ્તાન અથવા પાકિસ્તાની હોવાની આશંકા ધરાવતા લોકો સામેલ છે.



# 31stની મજા સજામાં ફેરવાઈ: અમદાવાદની હોટલમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડો, 9 નબીરાઓ ઝડપાયા

**અમદાવાદ, તા.01**

31stની ઉજવણીમાં હવે અનેક યુવાનો ઊંધા પાટે ચડી ગયા છે. નવા વર્ષને આવકારવા દારૂ કે અન્ય નશીલા પ્રદાર્થોનું સેવન કરી રહ્યા છે. ત્યારે પોલીસે પણ તેમણે પકડવા કમર કસી છે. અમદાવાદમાં સાબરમતી પોલીસે ગુરુવારે શહેરની એક હોટલમાં ગેરકાયદેસર દારૂની પાર્ટીનો પર્દાફાશ કરી 9 નબીરાઓની ધરપકડ કરી છે. તેમની સામે ગુજરાત દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.



ચોક્કસ માહિતીના આધારે પોલીસ ટીમે ગુરુવારે વહેલી સવારે સાબરમતી વિસ્તારમાં આવેલી એબી ફોર્ચ્યુન હોટેલના રૂમ નંબર 608 પર દરોડો પાડ્યો હતો. જ્યાં પોલીસને માન્ય પરમિટ કે પાસ વિના દારૂ પીવાની પાર્ટીનું આયોજન થયું હોવાના પુરાવા મળ્યા હતા, જેમાં બે પ્લાસ્ટિક પાણીની બોટલો, ખાલી બીયર કેન, ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક ગ્લાસ અને પ્લેટો અને દારૂ ભરેલી બોટલનો સમાવેશ થાય છે. પોલીસે પુરાવાના ભાગરૂપે તમામ વસ્તુઓ સાથે આશરે 1.96 લાખની કિંમતનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો.

બાદમાં વધુ તપાસ કરતાં આરોપીની ઓળખ અમદાવાદના ચાંદખેડાના રહેવાસી 26 વર્ષીય હિમાશુ રાઠોડ તરીકે થઈ હતી. આરોપી કોઈપણ માન્ય પરમિટ કે લાઈસન્સ વિના દારૂ પીતો અને મેળાવડાને હોસ્ટ કરતો જોવા મળ્યો હતો. પાર્ટીમાં હાજર અન્ય ઘણા વ્યક્તિઓને પૂછપરછ માટે બોલવવામાં આવ્યા હતા. જેમાંથી ઓળખ કરી પોલીસે 9 યુવકની ધરપકડ કરી છે. જેમની સામે ગુજરાત દારૂબંધી અધિનિયમ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ સાથે પોલીસે ચેતવણી આપી છે કે શહેરમાં ગેરકાયદેસર દારૂના સેવન અને સંબંધિત અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા માટે ચાલી રહેલા અમલીકરણ અભિયાનના ભાગ રૂપે આ પ્રકારે દરોડા ચાલુ રહેશે

આ કેસમાં ધરપકડ કરાયેલા નવ આરોપીઓની ઓળખ, હિમાશુસિંગ સંતાનસિંગ રાઠોડ (26), ચાંદખેડા, પિન્ટુ ઉર્ફે રાજ યમનભાઈ વલંદ (35), ચાંદખેડા, નરેશ ચૌધરી (33), થલતેજ, અભિષેક જૈન (45), ચાંદખેડા, કાર્તિક દરજી(28), ચાંદખેડા, પાર્થ દરજી(31), ચાંદખેડા, દિલીપ ચૌધરી (25), કૃષ્ણનગર, આલોક ગુપ્તા(33), ચાંદખેડા, મેહુલ ચૌધરી (25), ચાંદખેડા.

# 31 માર્ચ સુધી પ્રોપર્ટી ટેક્સમાં વ્યાજ માફી સ્કીમ અમલી, જાણો કેટલા ટકા ફાયદો?

**અમદાવાદ, તા.01**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજથી 31 માર્ચ સુધી પ્રોપર્ટી ટેક્સમાં વ્યાજમાફી સ્કીમનો અમલ કરાશે. વર્ષ (2025-26)ના બીલ ઉપર યોજના લાગૂ થશે નહીં. જાન્યુઆરી મહિનામાં રહેણાંક મિલકતો માટે વ્યાજમાં 85 તથા કોમર્શિયલ મિલકત માટે વ્યાજમાં 65 ટકા વ્યાજમાફી કરદાતાને અપાશે. આ સ્કીમથી કોર્પોરેશનને રૂપિયા 500 કરોડથી વધુ આવક થવાનો આશાવાદ છે.

અમદાવાદમાં 15 લાખથી વધુ રહેણાંક તથા 7 લાખથી વધુ કોમર્શિયલ મિલકતો આવેલી છે.કુલ મળીને 22 લાખથી વધુ મિલકતોના મિલકત ધારકોને જુની અને નવી ફોર્મ્યુલા મુજબ પ્રોપર્ટી ટેકસના વ્યાજમા અલગ અલગ સ્લેબમાં માફી આપવાનો નિર્ણય કરાયો છે. વ્યાજમાફી સ્કીમ હેઠળ ચાલી અને ઝૂંપડાવાળી મિલકતો માટે



વ્યાજમાં સો ટકા માફી અપાશે. જુની ફોર્મ્યુલા અંતર્ગત 1 જાન્યુઆરીથી 31 માર્ચ 2026 સુધી રહેણાંક અને કોમર્શિયલ બંને પ્રકારની મિલકત માટે 100 ટકા વ્યાજમાફી અપાશે.આ વ્યાજ માફી સ્કીમ વર્ષ-2025-26ના બાકી પ્રોપર્ટી ટેકસ માટે લાગૂ પડશે નહીં.

દર મહિને વ્યાજ માફીના ટેક્સમાં પાંચ ટકા ઘટાડો થશે. ઉલ્લેખનીય છે કે, કોર્પોરેશન દ્વારા બાકી રહેલા પ્રોપર્ટી ટેક્સ પર 18 ટકા વ્યાજની વસૂલાત કરવામાં આવે છે. જેની કુલ રકમમાં (વર્ષ 2025-26 સિવાય) રાહત આપવામાં આવી છે. અમદાવાદમાં કુલ 25.89 લાખ ટેક્સ ધારકો છે જેમાં 6.52 લાખ કોમર્શિયલ જ્યારે 19.37 લાખ રહેણાંક મિલકત ધારકો છે.

# હાઈકોર્ટે નબળી ગુણવત્તાવાળા પશુઆહારની ફરિયાદ ઉપર નોટિસ આપી

**અરજદારનું કહેવું છે કે નબળી ગુણવત્તાનો પશુ આહાર આરોગ્યને નુકસાન કરે છે, છેવટે મનુષ્યને પણ અસર કરે છે**

**અમદાવાદ, તા.01**

ગુજરાત હાઈકોર્ટે કેન્દ્રીય અને રાજ્ય અધિકારીઓને નોટિસ જારી કરી છે, જેમાં એક અરજીમાં ફરિયાદ કરવામાં આવી છે કે ભારતીય માપદંડ બ્યુરો (BIS) કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ના કોઈપણ અધિકારી નબળી ગુણવત્તાવાળા મિશ્રિત પશુઆહારની ફરિયાદો પર કાર્યવાહી કરવા તૈયાર નથી,જેનું ઉત્પાદન અને વેચાણ ગુણવત્તા ચિહ્ન વિના થાય છે.

જુનાગઢના પશુપાલકે ફરિયાદ કરી છે કે નબળા પશુઆહારનું વેચાણ પશુઓમાં આરોગ્ય સમસ્યાઓ ઉભી કરશે અને તેના કારણે ડેરી ઉત્પાદનો ખાતા મનુષ્યો પણ પ્રભાવિત થશે. અરજદારે વકીલ દીપલ રવૈયા દ્વારા અરજી કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે



BIS અધિકારીઓને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટની કલમ 16(5) હેઠળ નબળા મિશ્રિત પશુઆહાર બનાવનાર અને વેચનાર વિરુદ્ધ કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું હતું.

RTI અને નિયમોની વિગતોRTI હેઠળ તપાસ કરીને અરજદારે નબળા પશુ આહાર બનાવનાર અને વેચનારની યાદી અધિકારીઓને આપી છે, કારણ કે આવું વેચાણ પશુઓના આરોગ્ય, ડેરી ઉત્પાદન અને જનતા માટે જોખમી છે. અરજદારના વકીલે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી કે BISમાં નોંધણી ફરજિયાત છે અને પશુઆહારના ઉત્પાદન-વેચાણ માટે IS 2052 ચિહ્ન જરૂરી છે, પરંતુ ઉત્પાદનો મોટા ભાગે વિના પાલન કરીને વેચાય છે .

અરજદારે FSSAI, BIS, તેમના કાર્યાલયો અને ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના કમિશનરને પશુઆહાર બનાવનારને માર્ગદર્શિકાઓનું પાલન કરાવવા અને ખોટા વેપારને રોકવા દિશા-નિર્દેશ માંગ્યા છે. આ માંગનું કારણ એમ કહેવામાં આવ્યું કે નબળો આહાર પશુઓમાં મેટાબોલિક ડિસઓર્ડર, ઝેરીતા અને નિર્બધ્યતા પેદા કરે છે, જે મનુષ્ય આરોગ્યને પણ અસર કરી શકે છે.પ્રારંભિક સુનાવણી પછી હાઈકોર્ટે અધિકારીઓને નોટિસ જારી કરી અને 29 જાન્યુઆરી સુધી જવાબ માંગ્યો છે.

# 31stએ 7.710 ગ્રામના MDMA ડ્રગ્સ સાથે એક ઝડપાયો: મુંબઈથી ડિલિવરી કરવા સિગારેટના પેકેટમાં છુપાવીને આવ્યો હતો....

**અમદાવાદ, તા.01**

31stના દિવસે જ ડ્રગ્સના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગાયકવાડ હવેલી પોલીસે MDMA ડ્રગ્સના જથ્થા સાથે પોલીસે મુંબઈના આરોપીને દબોચી પાડ્યો છે. પોલીસે મુંબઈના આરોપી પાસે તપાસ કરતા 7.710 ગ્રામ MDMA ડ્રગ્સનો જથ્થો મળી આવતા તે પણ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે મુંબઈની કેકશોપના માલિકે આ જથ્થો ગ્રાહકને પહોચાડવા માટે આરોપીને મોકલ્યો હતો. MD ડ્રગ્સના નશા કરતા 10 ગાળો નશો MDMA ડ્રગ્સના કારણે થતો હોય છે. જેથી તેની ડિમાન્ડ પણ વધુ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. જો કે પોલીસે અત્યારે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. 31stના દિવસે નશો કરવા માટે ડ્રગ્સ સહિતની વસ્તુઓ બહારથી મંગાવવામાં આવી રહી છે.



ગુજરાત પોલીસ સક્રિય હોવાથી ડ્રગ્સ જેવા દૂષણને રોકવામાં આવી રહ્યું છે. ત્યારે ગાયકવાડ હવેલી પોલીસે ડ્રગ્સની હેરાફેરી કરનાર શખ્સને દબોચી લીધો છે. ગાયકવાડ હવેલી પોલીસને બાતમી મળી હતી કે એક વ્યક્તિ MDMA ડ્રગ્સની પહોચાડવા માટે આવ્યો છે. જેથી બાતમીના આધારે જમાલપુર ફાયર સ્ટેશન પાસ એક વોચ ગોઠવવામાં આવી હતી. જે બાદ જ્યારે ડ્રગ્સની હેરાફેરી પહોંચ્યો ત્યારે તેને પોલીસે દબોચી લીધો હતો. પોલીસે પૂછપરછ કરતા મુંબઈનો સૌરભ જોશી હોવાનું સામે આવ્યું હતું.

જે બાદ પોલીસે આરોપીની તપાસ કરી હતી. જે દરમિયાન એક સિગારેટના બોક્સમાંથી કેટલીક શંકાસ્પદ વસ્તુઓ મળી આવી હતી. જેથી પોલીસે શંકાસ્પદ વસ્તુઓની ચકાસણી કરવા માટે FSL ની મદદ લીધી હતી. FSLની ટીમે શંકાસ્પદ વસ્તુની તપાસ કરતા MDMA ડ્રગ્સ હોવાનું સામે આવ્યુ હતું. જેથી પોલીસે 7.710 ગ્રામ MDMA ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે આરોપીની વધુ પૂછપરછ કરતા MDMA ડ્રગ્સ મુંબઈના કેકશોપ માલિક સંતોષ ભોઈતે પાસેથી લાવ્યો હોવાનુ આરોપીએ કબૂલ્યું હતું. આરોપી પાસેથી મળી આવેલા સિગારેટના પેકેટમાં પ્લાસ્ટિકની કોથળીમાં MDMA ડ્રગ્સની બે ગોળીના ચાર ટુકડા હતા. પોલીસે વધુ તપાસ કરતા તે જે કલ્યાણ હોટલમાં રોકાયો હતો ત્યાં પણ કેટલોક જથ્થો હોવાનું સામે આવતા પોલીસે ત્યાંથી પણ ડ્રગ્સ કબ્જે કર્યું હતું. ત્યારે પોલીસે ફરાર આરોપી, ડ્રગ્સ લેનાર ગ્રાહકો અને આ ડ્રગ્સ બનાવનારની ચેઈન સુધી પહોંચવા તપાસ હાથ ધરી છે. MDMA એક સિન્થેટીક ડ્રગ્સ છે. કેટલાક લોકો તેને પાવડરના ફોર્મમાં, ગોળીના ફોર્મમાં, ગરમ કરીને કે નાકથી લેવાની ટેવ ધરાવે છે. કેપશોપ ધરાવવાની સાથે ડ્રગ્સ સપ્લાય કરનાર સંતોષ સાથે બે વર્ષથી પરિચયમાં હતો. સંતોષે અત્યાર સુધી અનેકવાર સૌરભને ડ્રગ્સનો જથ્થો આપીને વિવિધ રાજ્યોમાં મોકલ્યો હતો. સંતોષ સિગારેટના પેકેટ તૈયાર કરીને પ્લાસ્ટિકથી પેક કરીને ડ્રગ્સનો જથ્થો ડિલીવરી માટે આપતો હતો. સૌરભ જોષી એક ડિલીવરીના 15 હજાર રૂપિયા લેતો હતો. પીઆઈ સી.વી ગોસાઈએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ કોને આપવા આવ્યો હતો તેની તપાસ અને ડ્રગ્સ જેને મોકલાવ્યું હતું તેની તપાસ હાથ ધરવામાં આવી છે. આ ડિલિવરી માટે હતો તેવું જણાવ્યું હતું. 31st ડિસેમ્બરના કારણે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ પેડલર બીજા રાજ્યમાં પણ ડિલિવરી કરતો હોવાનું આરોપીએ કબૂલ્યું છે. ટેલીફોનિક વાતચીત કરીને તે લોકો સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં કોને આપવા આવ્યો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

# AMCએ પેટ ડોગ રજિસ્ટ્રેશનની તારીખ 3 મહિના લંબાવી: અમદાવાદમાં પેટ ડોગ માલિકોને રસ નહીં, 1 વર્ષમાં 18,962 રજિસ્ટ્રેશન થયા....

**અમદાવાદ, તા.01**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેટ ડોગના રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ શહેરમાં પેટ ડોગ ધરાવનારા માલિકો દ્વારા હજી પણ રજિસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા ખૂબ ધીમી છે. 1 જાન્યુઆરી 2025થી ડોગ રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, 1 વર્ષમાં 18,962 જેટલા ડોગના રજિસ્ટ્રેશન થયા છે. જેથી ડોગ રજિસ્ટ્રેશન કરાવવામાં પેટ ડોગના માલિકો નિષ્ક્રિય છે. 1 જાન્યુઆરી 2025થી 31 ડિસેમ્બર 2025 સુધીમાં 16,674 જેટલા પેટ ડોગના માલિકો દ્વારા 18,962 જેટલા ડોગનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે. સૌથી વધારે લેબ્રાડોર પ્રજાતિના પેટ ડોગ લોકો ધરાવતા હોવાનું સામે આવ્યું છે. જર્મન શેફર્ડ અને શિત્ઝુ તેમજ ગોલ્ડન રોટવીલર પ્રજાતિના પેટ ડોગ સૌથી વધારે લોકો રાખી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અત્યાર સુધીમાં નોંધાયેલા પેટ ડોગમાં સૌથી વધારે આ ચાર પ્રજાતિના છે. ડોગ રજિસ્ટ્રેશન માટેની તારીખ વધુ ત્રણ મહિના માટે લંબાવાઈ છે. હવે જે લોકો પેટ ડોગનું રજિસ્ટ્રેશન કરાવશે તેમને 2,000 રૂપિયાની ફી ભરવી પડશે. છેલ્લા એક મહિનામાં માત્ર 89 જેટલા જ પેટ ડોગનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. છેલ્લા 6 મહિનાથી 1000 કરતા પણ ઓછા પેટ ડોગના રજિસ્ટ્રેશન



થયા છે. શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં સૌથી વધુ ડોગ રજિસ્ટ્રેશન છે. સૌથી વધારે ન્યુ રાણીપ, નવાવાડજ, બલોલનગર, જજીસ બંગલો, ગુલાબ ટાવર, ચાંદલોડિયા, સતાધાર, જોધપુર, સેટેલાઈટ, ઘાટલોડિયા, ગોતા, થલતેજ, બોપલ, ઘુમા, વાસણા, નારણપુરા, નવરંગપુરા, સાબરમતી, ચાંદખેડા, મોટેરા સહિતના વિસ્તારોમાં થયા છે. સૌથી વધારે જર્મન શેફર્ડ, લેબ્રાડોર, ગોલ્ડન રોટવીલર, સિબેરીયન અને ડોબરમેન સહિતના ડોગનું રજિસ્ટ્રેશન થયું છે. સૌથી ઓછું મધ્ય ઝોન વિસ્તારમાં શાહીબાગ, ડફનાળા, શાહપુર, અસારવા, ખાડિયા, દિલ્લીદરવાજા જેવા વિસ્તારોમાંથી લેબ્રાડોર, જર્મન શેફર્ડ અને પામેરીયન ડોગનું રજિસ્ટ્રેશન થયું છે. અમદાવાદના હાથીજણ વિસ્તારમાં પાલતુ શ્વાન (પેટ ડોગ)એ 4 માસની બાળકી પર હુમલો કર્યો હતો જેમાં તેનું મૃત્યુ થયું હતું. પેટ ડોગના હુમલાથી બાળકીના મૃત્યુની ઘટના બાદ પેટ ડોગ રાખનારા લોકો માટે ચોક્કસ પોલિસી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવી રહી છે. જેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પોલિસી બની અને તેને લાગુ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. પેટ ડોગ પોલિસી અંતર્ગત જો ડોગનું રજિસ્ટ્રેશન નહીં હોય તો ડોગ માલિકના નળ, ગટર કનેક્શન કાપવાથી લઈ ડોગને જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ચાલુ મહિનામાં જ આ પોલિસી લાગુ થઈ શકે છે. CNCD વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, શહેરમાં જે નાગરિકો ઘરમાં શ્વાન પાળતા હોય (પેટ ડોગ) એવા શ્વાનની ગણતરી કરવામાં નહોતી આવતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા હવે પેટ ડોગની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા 1 જાન્યુઆરી 2026થી 31 માર્ચ 2026 સુધી કરવામાં આવી છે.

# આણંદમાં ડેન્ગ્યુના કેસોમાં 50% ઘટાડો નોંધાયો: 2024ની સરખામણીએ 2025માં રોગચાળા પર નિયંત્રણ મેળવાયું

**આણંદ, તા.01**

આણંદ જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતિના દિશાનિર્દેશ હેઠળ આણંદ આરોગ્ય વિભાગે સઘન કામગીરી કરી છે, જેના પરિણામે વર્ષ 2024ની સરખામણીમાં વર્ષ 2025માં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ અને જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. રાજેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ સફળતા પ્રાપ્ત થઈ છે.



જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, વર્ષ 2024 દરમિયાન ડેન્ગ્યુના 135 કેસ નોંધાયા હતા, જે વર્ષ 2025માં ઘટીને 70 કેસ થયા છે. આ ઘટાડો લગભગ 50 ટકા જેટલો છે. તેવી જ રીતે, મેલેરિયાના કેસો 17 થી ઘટીને 6 અને ચિકનગુનિયાના કેસો 7 થી ઘટીને 6 પર આવ્યા છે. આ આંકડા જિલ્લા વહીવટી તંત્રના સકારાત્મક પ્રયાસોનું પ્રતિબિંબ પાડે છે.

આ કામગીરીની સફળતામાં આરોગ્ય કર્મચારીઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ડિસેમ્બર 2025 દરમિયાન, આરોગ્ય કર્મચારીઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના 4,16,116 ઘરોની મુલાકાત લીધી હતી. આ મુલાકાતો દરમિયાન, 13,71,964 પાત્રોની તપાસ કરવામાં આવી હતી અને 7524 પાત્રોમાં મચ્છરના પોરાનો નાશ કરવામાં આવ્યો હતો. રોગના વાહકોને નિયંત્રિત કરવા માટે 23,552 જેટલા પાત્રોમાં દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. ઘરે-ઘર સર્વેક્ષણ ઉપરાંત, જનજાગૃતિ અભિયાન દ્વારા પણ લોકોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ કરવામાં આવ્યા હતા. શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો (GIDC/ફેક્ટરી), સરકારી કચેરીઓ, પોલીસ સ્ટેશનો અને બાંધકામ સાઈટો સહિત 2500 થી વધુ સ્થળોએ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. વિશ્વ મેલેરિયા દિવસ અને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ જેવા કાર્યક્રમો દ્વારા પણ વ્યાપક જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

# 'ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે': ખેડામાં 'માર્ગ સલામતી માસ'નો પ્રારંભ, 90 જવાનોની બાઈક રેલી નીકળી....

**નડિયાદ, તા.01**

ખેડા જિલ્લામાં 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ'નો પ્રારંભ થયો છે. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન શરૂ કરાયું છે. નડિયાદ કલેક્ટર કચેરી ખાતેથી જનજાગૃતિ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને કલેક્ટર અમિત પ્રકાશ યાદવ અને પોલીસ અધિક્ષક વિજય પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલીમાં જિલ્લા પોલીસના 50, હોમગાર્ડના 20 અને ટીઆરબીના 20 જવાનો સહિત કુલ 90 સવારો જોડાયા હતા. કલેક્ટર કચેરીથી સંતરામ



મંદિર સુધીના આશરે ચાર કિલોમીટરના રૂટ પર જવાનોએ હેલ્મેટ પહેરી અને ટ્રાફિક નિયમોના બેનરો સાથે માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવી હતી.

રેલીના પ્રારંભ પ્રસંગે કલેક્ટર અમિત પ્રકાશ યાદવે નાગરિકોને અપીલ કરી હતી કે, વાહન ચલાવતી વખતે હંમેશા યાદ રાખો કે 'ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માર્ગ સલામતી માત્ર સરકારી જવાબદારી નથી, પરંતુ નાગરિકોએ પણ પોતાના સ્વજનોની ચિંતા કરીને નિયમોનું સ્વયંભૂ પાલન કરવું જોઈએ, જેથી અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાય.

સમગ્ર જાન્યુઆરી માસ દરમિયાન ચાલનારા આ અભિયાનનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતો અને તેના કારણે થતા મૃત્યુદરને ન્યૂનતમ સ્તરે લાવવાનો છે. આ માટે વાહનચાલકો, રાહદારીઓ અને ખાસ કરીને વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખીને વિવિધ શૈક્ષણિક અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# NSUIનું 5થી 20 જાન્યુઆરી ડ્રગ્સ મુક્ત કેમ્પસ અભિયાન: યુનિવર્સિટી-કોલેજના 200 કેમ્પસમાં નશાથી દૂર રહેવા કાર્યક્રમ યોજશે, વિદ્યાર્થીઓને ડ્રગ્સ ન લેવા પ્રતિજ્ઞા લેવડાવશે

**અમદાવાદ, તા.01**

ગુજરાત NSUI ડ્રગ્સ મુક્ત કેમ્પસ અભિયાન યોજવા માટે જઈ રહ્યું છે. રાજ્યની યુનિવર્સિટી અને કોલેજમાં જઈને NSUI ડ્રગ્સ મુક્તિ અભિયાન ચલાવશે. ગુજરાતમાં વધેલા ડ્રગ્સના નશાને ડામવા NSUI પ્રયાસ કરી રહ્યું છે. કોલેજમાં ભણતા યુવાનોને ડ્રગ્સની બદીમાંથી દૂર કરવા ડ્રગ્સ મુક્ત કેમ્પસ અભિયાન શરૂ કરવામાં આવશે. સ્કૂલ અને કોલેજ કેમ્પસમાં પણ ડ્રગ્સનો કાળો કારોબાર ચાલતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે, જેથી NSUI આગામી 5થી 20 જાન્યુઆરી સુધી 200 કેમ્પસમાં નશા અને ડ્રગ્સથી દૂર રહેવા માટેના કાર્યક્રમો કરશે. તેમજ ડોક્ટરોને સાથે સેમિનાર યોજવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. NSUI યુવાનો પાસે ડ્રગ્સ ન લેવા અને કોઈ લેતુ હોય તો તેને અટકાવવા માટેની પ્રતિજ્ઞા લેવડાવશે. આવતીકાલે ડ્રગ્સ મુક્ત કેમ્પસ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવશે. NSUIના પૂર્વ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દિનપ્રતિદિન ડ્રગ્સનો કાળો કારોબાર વધી રહ્યો છે. આ કાળો કારોબાર સ્કૂલો અને કોલેજોના કેમ્પસ સુધી પહોંચી ગયો છે, જેના કારણે ગુજરાતનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ અને યુવાનો આમાં સપડાઈ રહ્યા



છે, જેથી યુવાનોને નશામાંથી છુટકારો અપાવવા માટે અને જે કેમ્પસ આ બધીમાં સપડાયેલા છે તે માટે અમે ડ્રગ્સ મુક્ત કેમ્પસ ચલાવીશું. ડ્રગ્સ અલગ અલગ પ્રકારે વહેંચાય છે. MD સહિતના ડ્રગ્સનું પણ વેચાણ થઈ રહ્યું છે. ડ્રગ્સ પેડલરો છટકબારી શોધીને કેમ્પસ સુધી પહોંચી ગયા છે. 1700 કરતા વધારે ડ્રગ્સના કેસ છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયા છે. ડ્રગ્સ વિરુદ્ધ કેસ નોંધાય છે, પરંતુ કોઈના પર આરોપ સાબિત થતા નથી. નાના પેડલરોને પકડીને સંતોષ માનવામાં આવે છે, તેની સામે ડ્રગ્સ ક્યાંથી આવ્યું? કોને મંગાવ્યું? તેની પૂછપરછ કરવામાં આવતી નથી. જે પોર્ટ પર આવે છે, તેને પણ પૂછવાની હિંમત કરવામાં આવતી નથી. ગુજરાત NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નશાનું પ્રમાણ વધી રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ભારતવંશી ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બન્યા: કુરાન પર હાથ રાખીને શપથ લીધા, ન્યૂયોર્કના ઈતિહાસમાં આવું પહેલીવાર

**ન્યૂયોર્ક, તા.01**

ભારતીય મૂળના ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બની ગયા છે. તેમણે ગુરુવારે કુરાન પર હાથ રાખીને પદના શપથ લીધા હતા. અત્યારસુધી ન્યૂયોર્ક સિટીના મોટા ભાગના મેયર બાઈબલ પર હાથ રાખીને શપથ લેતા આવ્યા છે, જોકે બંધારણ હેઠળ શપથ માટે કોઈ ધાર્મિક ગ્રંથનો ઉપયોગ ફરજિયાત નથી. 34 વર્ષીય ડેમોક્રેટ મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ, પ્રથમ દક્ષિણ એશિયન અને પ્રથમ આફ્રિકામાં જન્મેલા મેયર હશે. ડેમોક્રેટની ટીમ આજે બે અલગ-અલગ સ્થળોએ શપથગ્રહણ સમારોહનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે.

મમદાની સૌથી પહેલા ન્યૂયોર્કના સિટી હોલ નીચે આવેલા એક બંધ પડેલા સબવે સ્ટેશનમાં શપથ લેશે. આ એક ખાનગી સમારોહ હશે, જેમાં મમદાનીનો પરિવાર સામેલ થશે. ત્યાર બાદ બપોરે એક સાર્વજનિક શપથગ્રહણ સમારોહ યોજાશે. સબવે સ્ટેશનમાં યોજાનારા સમારોહમાં મમદાની બે કુરાન પર હાથ રાખશે.

આમાંથી એક તેમના દાદાનું કુરાન અને બીજું ખિસ્સામાં રાખવામાં આવતું નાનું કુરાન હશે. કહેવાય છે કે પોકેટ સાઈઝ કુરાન 18મી સદીના અંત અથવા 19મી સદીનું છે. આ કુરાન ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરીના શોમ્બર્ગ સેન્ટર ફોર રિસર્ચ ઈન બ્લેક કલ્ચરના સંગ્રહનો ભાગ છે.

બીજા શપથગ્રહણ સમારોહમાં મમદાની તેમનાં દાદા અને દાદી, બંનેના કુરાનનો ઉપયોગ કરશે. આ કુરાન વિશે વધુ માહિતી આપવામાં આવી નથી. શપથગ્રહણ માટે કુરાનની પસંદગી મમદાનીની પત્ની રમા દુવાજીએ કરી છે.

આ કામમાં તેમને મદદ કરનાર એક વિદ્વાન અનુસાર, શપથ માટે ઉપયોગમાં લેવાતા આ કુરાન શહેરની મોટી અને લાંબા સમયથી રહેલી મુસ્લિમ વસતિને દર્શાવે છે.

જણાવી દઈએ કે ચૂંટણીપ્રચાર દરમિયાન મમદાનીએ મોંઘવારીને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો, સાથે જ તેમણે પોતાની ધાર્મિક માન્યતાઓ પણ ખુલ્લેઆમ રજૂ કરી હતી. તેમણે શહેરની મસ્જિદોની મુલાકાત લીધી અને પ્રથમ વખત મતદાન કરનારા ઘણા દક્ષિણ એશિયાઈ અને મુસ્લિમ મતદારોનો ટેકો મેળવ્યો.



શૉમ્બર્ગ સેન્ટરમાં હાજર પોકેટ સાઈઝ કુરાન અશ્વેત પ્યુર્ટો રિકન ઈતિહાસકાર આર્તુરુ શૉમ્બર્ગના સંગ્રહનો ભાગ હતી. એ સ્પષ્ટ નથી કે આ કુરાન મમદાની પાસે કેવી રીતે પહોંચ્યો, પરંતુ વિદ્વાનો માને છે કે એ અમેરિકા અને આફ્રિકામાં ઈસ્લામ અને અશ્વેત સંસ્કૃતિઓના ઐતિહાસિક સંબંધોમાં તેમની રુચિ દર્શાવે છે.

આ કુરાન સાદી ડિઝાઈનનું છે. કુરાન પર ઘેરા લાલ રંગનું પૂઠું ચઢેલું છે અને ફૂલોની આકૃતિ બનેલી છે. અંદર કાળા-લાલ શાહીમાં લખવામાં આવ્યું છે. આના પરથી ખબર પડે છે કે એને માત્ર પ્રદર્શન માટે નહીં, પરંતુ રોજિંદા ઉપયોગ માટે બનાવવામાં આવ્યું હતું.

જે કુરાન પર તારીખ કે લેખકનું નામ નથી, તેથી એની ઉંમરનો અંદાજ એના લેખન અને પૂઠાના આધારે લગાવવામાં આવ્યો. એવું માનવામાં આવે છે કે એ ઉસ્માની યુગમાં, 18મી સદીના અંતમાં અથવા 19મી સદીની શરૂઆતમાં તૈયાર થયું હતું, તે પ્રદેશમાં જે આજના સિરિયા, લેબેનોન, ઈઝરાયેલ, પેલેસ્ટાઈનના વિસ્તારો અને જોર્ડનમાં સામેલ છે.

ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરીના ક્યુરેટર હિબા આબિદ અનુસાર, આ કુરાનની ન્યૂયોર્ક સુધીની યાત્રા મમદાનીના બેકગ્રાઉન્ડ સાથે મેળ ખાય છે. મમદાની ભારતીય મૂળના ન્યૂયોર્કવાસી છે, જેમનો જન્મ યુગાન્ડામાં થયો હતો, જ્યારે તેમની પત્ની અમેરિકન-સિરિયન છે.

મમદાનીએ 4 નવેમ્બરે ન્યૂયોર્ક શહેરના મેયરની ચૂંટણી જીતીને ઈતિહાસ રચ્યો હતો. મમદાની છેલ્લાં 100 વર્ષમાં ન્યૂયોર્કના સૌથી યુવા, પ્રથમ ભારતીય મૂળના અને પ્રથમ મુસ્લિમ મેયર છે. મમદાની મોન્સૂન વેડિંગ અને સલામ બોમ્બે જેવી ફિલ્મોનું નિર્દેશન કરનાર ભારતીય મૂળનાં મીરા નાયરના પુત્ર છે.

ચૂંટણીમાં જીત બાદ મમદાનીએ બ્રુકલિન પેરામાઉન્ટ થિયેટરમાં સમર્થકોને સંબોધિત કર્યા હતા. પોતાની વિક્ટરી સ્પીચમાં તેમણે જવાહરલાલ નહેરુના 15 ઓગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ આપેલા 'ટ્રિસ્ટ વિથ ડેસ્ટિની'નો ઉલ્લેખ કર્યો હતો. આ દરમિયાન તેમની પત્ની રામા દુવાજી, પિતા મહમૂદ મમદાની અને માતા મીરા નાયર પણ હાજર હતા.

મમદાનીએ ભાષણ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ઈમિગ્રેશન નીતિઓ પર નિશાન સાધતાં કહ્યું હતું કે ન્યૂયોર્ક ઈમિગ્રન્ટ્સનું શહેર છે. આ શહેરને પ્રવાસીઓએ બનાવ્યું, તેમણે મહેનતથી એને ચલાવ્યું અને આજથી આ શહેર પ્રવાસીઓ જ ચલાવશે. આ અમારી ઓળખ છે અને અમે એને બચાવીશું.'

ભાષણ પછી તેઓ પોતાની પત્ની સાથે 'ધૂમ મચા લે' ગીત પર ઝૂમતા જોવા મળ્યા. માતા મીરા નાયરે મંચ પર આવીને તેમને ગળે લગાવ્યા. પિતા મહમૂદ મમદાની પણ હાજર રહ્યા હતા.

## નવા વર્ષની ઉજવણી દરમિયાન સ્વિટ્ઝર્લૅન્ડના રિસોર્ટમાં બ્લાસ્ટ

### 40 લોકોનાં મોતના અહેવાલ, 100 ઘાયલ, શહેરને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યું



**બર્ન, તા.01**

ગુરુવારે સ્વિટ્ઝર્લૅન્ડના ક્રેન્સ-મોન્ટાના શહેરના આલ્પાઈન સ્કી રિસોર્ટમાં નવા વર્ષની ઉજવણી દરમિયાન વિસ્ફોટ થયો હતો. ધ મિરરે સ્થાનિક મીડિયાને ટાંકીને અહેવાલ આપ્યો છે કે 40 લોકો માર્યા ગયા છે અને 100થી વધુ ઘાયલ થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ વિસ્ફોટ સ્થાનિક સમય મુજબ રાત્રે 1:30 વાગ્યે થયો હતો. ધડાકો કોન્સ્ટેલેશન બારમાં થયો હતો, જ્યાં ન્યૂ યરની ઉજવણી ચાલી રહી હતી. મૃતકો અને ઘાયલ થયેલા લોકો કયા દેશના છે તે હજુ સુધી જાણી શકાયું નથી.

પોલીસ અને ઈમર્જન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ કામગીરીમાં લાગેલી છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે હાલ વિસ્ફોટનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે. ડોક્ટરોનું કહેવું છે કે હોસ્પિટલો દાઝી ગયેલા દર્દીઓથી ભરાઈ ગઈ છે. ઘણા લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

વિસ્ફોટનું કારણ હાલમાં તપાસ હેઠળ છે. ક્રેન્સ-મોન્ટાના શહેરને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યું છે. સ્વિસ પોલીસ આજે એક પ્રેસ કોન્ફરન્સમાં અકસ્માતની વિગતો શેર કરશે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સાવચેતીના ભાગરૂપે વિસ્ફોટવાળી જગ્યા અને એની આસપાસના વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે.

ક્રાન્સ-મોન્ટાના સ્વિટ્ઝર્લૅન્ડના આલ્પ્સ પર્વતક્ષેત્રમાં સ્થિત એક લક્ઝરી સ્કી રિસોર્ટ છે. આ જગ્યા સ્વિસ રાજધાની બર્નથી લગભગ બે કલાકના અંતરે છે અને અહીં દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે, ખાસ કરીને શિયાળા અને નવા વર્ષના સમયે.

ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરી રહી છે અને બારમાં હાજર લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા કેટલાક વીડિયોમાં બારમાં આગ લાગેલી જોવા મળી રહી છે, જોકે પોલીસે આ વીડિયોની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

## બાંગ્લાદેશમાં વધુ એક હિંદુને જીવતો સળગાવ્યો: ટોળાએ ધારદાર હથિયારોથી હુમલો કરી પછી આગ ચાંપી, 12 દિવસમાં 3 હિંદુની હત્યા કરવામાં આવી

**ઢાકા, તા.01**

બાંગ્લાદેશમાં ફરી એક હિંદુ વ્યક્તિને સળગાવવાનો મામલો સામે આવ્યો છે. શરિયતપુર જિલ્લામાં 31 ડિસેમ્બરના રોજ 50 વર્ષીય ખોકોન દાસ પર ટોળાએ હુમલો કર્યો. ખોકોન દાસ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે જ કેટલાક લોકોના ટોળાએ તેમને ઘેરી લીધા. પહેલા તેમના પર ધારદાર હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો, પછી નિર્દયતાથી માર મારવામાં આવ્યો અને આગ ચાંપી દેવામાં આવી.

આ હુમલામાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા. ઘાયલ અવસ્થામાં ખોકોન દાસને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત નાજુક હોવાનું જણાવાઈ રહ્યું છે. ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે. પોલીસ મામલાની તપાસ કરી રહી છે અને આરોપીઓની શોધખોળ ચાલી રહી છે. બાંગ્લાદેશમાં 15 દિવસમાં બીજી વખત હિંદુ વ્યક્તિને આગને હવાલે કરવામાં આવ્યો છે. આ પહેલાં 18 ડિસેમ્બરે મયમનસિંહ જિલ્લામાં હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસને ભીડે માર મારીને મારી નાખ્યો હતો. ત્યાર બાદ તેના મૃતદેહને ઝાડ પર લટકાવીને આગ લગાડી દેવામાં આવી હતી.



દીપુ દાસને ભીડે ઈશનિંદાના ખોટા આરોપો લગાવીને માર માર્યો હતો. તેઓ એક કાપડ ફેક્ટરીમાં કામ કરતા હતા. આ મામલાની તપાસમાં સામે આવ્યું કે જે દાવાના આધારે ભીડે હુમલો કર્યો હતો, તેના કોઈ પુરાવા મળ્યા નથી.

સોશિયલ મીડિયા પર એવો આરોપ લગાવવામાં આવી રહ્યો હતો કે દીપુ ચંદ્ર દાસે ફેસબુક પર એવી ટિપ્પણી કરી હતી, જેનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી હતી, પરંતુ તપાસ એજન્સીઓનું કહેવું છે કે હજુ સુધી આવી કોઈ પોસ્ટ કે ટિપ્પણીના પુરાવા મળ્યા નથી. દીપુ મેમનસિંહ જિલ્લાના ભાલુકામાં 'પાયોનિયર નિટવેયર્સ' નામની ટેક્સટાઈલ કંપનીમાં કામ કરતા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફેક્ટરીમાં અચાનક એવી અફવા ફેલાઈ કે દીપુએ ઈશનિંદા કરી છે. જોતજોતાંમાં આ સમાચાર ફેક્ટરીની બહાર પણ પહોંચી ગયા અને રાત્રે લગભગ 9 વાગ્યા સુધીમાં ફેક્ટરીની બહાર ઉશ્કેરાયેલા લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. હિંસક ટોળું ફેક્ટરીની અંદર ઘૂસી ગયું અને દીપુને ખેંચીને બહાર લઈ ગયું હતું. ટોળાએ તેને લાત, મુક્કા અને લાકડીઓથી બેરહેમીપૂર્વક માર મારવાનું શરૂ કર્યું અને તેનાં કપડાં પણ ફાડી નાખ્યાં. આ હુમલા દરમિયાન દીપુનું મોત નીપજ્યું હતું. ત્યાર બાદ ટોળાએ દીપુના ગળામાં દોરડાનો ફાંસો નાખી તેની લાશને રોડ કિનારે આવેલા એક ઝાડ પર લટકાવી દીધી અને પછી તેમાં આગ લગાડી દીધી હતી.

બાંગ્લાદેશમાં 12 દિવસમાં 3 હિંદુની હત્યા કરવામાં આવી છે. 18 ડિસેમ્બરે દીપુ ચંદ્રની હત્યા બાદ 24 ડિસેમ્બરે ભીડે એક હિંદુ યુવકને માર મારીને હત્યા કરી દીધી હતી. આ ઘટના રાજબાડી જિલ્લાના હોસેનડાંગા ગામમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકની ઓળખ 29 વર્ષીય અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ તરીકે થઈ છે.

પોલીસે જણાવ્યું હતું કે અમૃતને ભીડે ખંડણીના આરોપમાં મારી નાખ્યો હતો. તે હોસેનડાંગા ગામનો જ રહેવાસી હતો. અમૃત વિરુદ્ધ પાંગશા પોલીસ સ્ટેશનમાં બે કેસ નોંધાયેલા છે, જેમાં એક હત્યાનો કેસ પણ સામેલ છે.

ત્યાર બાદ 29 ડિસેમ્બરે મયમનસિંહ જિલ્લામાં એક કાપડ ફેક્ટરીની અંદર હિંદુ કર્મચારીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ભાલુકા ઉપજિલ્લાની સુલતાના સ્વેટર્સ લિમિટેડ ફેક્ટરીમાં બની હતી. મૃતકની ઓળખ બજેન્દ્ર બિસ્વાસ (42) તરીકે થઈ છે, જે ફેક્ટરીમાં સિક્યોરિટી ગાર્ડ હતો.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બંને ફેક્ટરીમાં સુરક્ષા જવાન ડ્યૂટી પર તહેનાત હતા. વાતચીત દરમિયાન નોમાન મિયાએ બજેન્દ્ર પર સરકારી શૉટગન તાકી દીધી. થોડી જ વારમાં બંદૂક ચાલી ગઈ અને ગોળી બજેન્દ્રની ડાબી જાંઘમાં વાગી, જેના કારણે તેનું મોત નીપજ્યું.

## ઈરાનમાં લોકો મોંઘવારી સામે રસ્તા પર ઉતર્યા:રિયાલના ઐતિહાસિક ઘટાડાથી જનતામાં રોષ, લોકોએ "ડેથ ટુ ડિટેક્ટર"ના નારા લાગ્યા, 21 પ્રાંતોમાં બળવો ભભુક્યો

**તેહરાન, તા.01**

ઈરાનમાં શાસન સામે વિરોધ પ્રદર્શનો સતત વધી રહ્યા છે. ઈરાની શાસન વિરુદ્ધ નાગરિક બળવાનો ચોથો દિવસ અને 2025 થી લઈને નવા વર્ષ 2026માં પણ પ્રવેશી ગયો છે. વિરોધીઓ હવે ઈરાનમાં સત્તા બદલવાની માંગ કરી રહ્યા છે.

બુધવારે, ઈરાનમાં સતત ચોથા દિવસે રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો થયા. વિરોધીઓએ અનેક શહેરોમાં રેલીઓ યોજી હતી. તેઓ હવે ઈરાનમાં સરકાર બદલવાની માંગ કરી રહ્યા છે.

ઈસ્ફહાન, હમાદાન, બાબોલ, દેહલોરન, બાઘમલેક અને પિયાન જેવા શહેરોમાં પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, અને સુપ્રીમ લીડર અલી ખામેની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. દેશનિકાલ કરાયેલા પ્રિન્સ રેઝા પહલવી અને અગાઉના બળવામાં



માર્યા ગયેલા પ્રદર્શનકારીઓ યાદ કર્યા. કુલ મળીને, વિરોધ પ્રદર્શન ઈરાનના 21 પ્રાંતોમાં ફેલાઈ ગયું છે. આર્થિક સંકટને કારણે વિરોધ પ્રદર્શનો

ઈરાનમાં ડિસેમ્બર 2025થી ચાલી રહેલા સરકાર સામે વિરોધ પ્રદર્શનો મુખ્યત્વે આર્થિક કટોકટીને કારણે છે, જ્યાં રિયાલ ડોલર સામે ઐતિહાસિક નીચા સ્તરે પહોંચી ગયો છે. આ વિરોધ પ્રદર્શન 2022ના મહસા અમીની વિરોધ પ્રદર્શન પછી સૌથી મોટા છે અને હવે ચોથા દિવસે પણ ફેલાઈ ગયા છે. ઈરાનમાં, આ વિરોધ પ્રદર્શન 28 ડિસેમ્બરે તેહરાનના ગ્રાન્ડ બજારમાં શરૂ થયા હતા, જ્યાં દુકાનદારોએ હડતાળ પાડી હતી. ઈરાનમાં હાલમાં મોંઘવારી ભયાનક રીતે કહેર વરસાવી રહી છે. મોંઘવારીનો દર 42 ટકા સુધી પહોંચી ગયો છે. રોજિંદા જીવનનિર્વાહના વધતા ખર્ચે જનતા વ્યથિત થઈ ગઈ છે અને રસ્તાઓ પર ઉતરી આવી છે.

ઈસ્ફહાનમાં રાત્રે પ્રદર્શનકારીઓએ 'ડરશો નહીં, આપણે બધા સાથે છીએ' અને 'ડેથ ટુ ડિટેક્ટર'ના નારા લગાવ્યા, જ્યારે દેહલોરન અને બાગમલેકમાં, પ્રદર્શનકારીઓએ રાજાશાહીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા. ઘણા લોકોએ ઈરાનના ભૂતપૂર્વ શાસક રેઝા શાહ પહલવીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા માટે ઘણી જગ્યાએ બળપ્રયોગ કર્યો. નાહવંદ, અસદાબાદ અને હમાદાન જેવા શહેરોમાં ગોળીબાર અને ટીયર ગેસના શેલ છોડ્યાના અહેવાલો મળ્યા હતા. જોકે, પ્રદર્શનકારીઓ મક્કમ ઊભા રહ્યા હોય તેવું લાગતું હતું.

તેહરાનમાં, તેહરાન યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા સરીરા કરીમીને તેમના ઘર પર દરોડા પાડ્યા બાદ અટકાયતમાં લેવામાં આવી છે. સરીરા કરીમીનું ઠેકાણું જાણી શકાયું નથી.

આ વિરોધ પ્રદર્શનોને ધાર્મિક નેતાઓ તરફથી સમર્થન મળવાનું શરૂ થઈ ગયું છે. જાણીતા સાંસ્કૃતિક અને ધાર્મિક હસ્તીઓએ પણ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે. સુન્ની ધર્મગુરુ મૌલવી અબ્દુલહમીદે કહ્યું કે ખરાબ જીવનધોરણ અને રાજકીય મડાગાંઠ આ બળવા માટેનું કારણ છે. જાણીતા ફિલ્મ નિર્માતા જાફર પનાહીએ આ અશાંતિને 'ઈતિહાસને આગળ વધારવા માટેનો બળવો' ગણાવ્યો હતો, અને કહ્યું હતું કે 'લોકોની પીડા હવે રસ્તા પર બુમોમાં ફેરવાઈ ગઈ છે.'

## ફરી એક વખત પેસેન્જરોની સુરક્ષા પર સવાલ:પ્લેનના ટેક ઓફ પહેલા એર ઈન્ડિયાના પાયલટે દારુ પીધો, દુર્ઘટના થાય તો જવાબદાર કોણ?

**નવી દિલ્હી, તા.01**

કેનેડાના વાનકુવરથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટના પાઈલટને વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યો હતો. પાઈલટ પર દારૂ પીવાનો આરોપ હતો. આ ઘટના 23 ડિસેમ્બરની છે, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI186 ટેક-ઓફ કરવાની હતી. ત્યારે વાનકુવર એરપોર્ટના એક સ્ટાફે પાઈલટને વાઈન પીતા જોયો. જે બાદ કર્મચારીએ અધિકારીઓને ફરિયાદ કરી. કેનેડિયન અધિકારીઓ પાઈલટની તપાસ કરવા પહોંચ્યા તો તેના મોઢામાંથી ગંધ આવી. પછી પાઈલટનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ લેવામાં આવ્યો. જેમાં તે નિષ્ફળ રહ્યો. એરલાઈનના એક પ્રવક્તાએ જણાવ્યું કે, સુરક્ષા પ્રોટોકોલ અનુસાર ફ્લાઈટને ઓપરેટ કરવા માટે એક બીજા પાઈલટને રોસ્ટરમાં સામેલ કરવામાં આવ્યો હતો. પછી તે ફ્લાઈટને લઈને દિલ્હી આવ્યો. ફ્લાઈટમાં લગભગ 2 કલાકનો




વિલંબ થયો. એર ઈન્ડિયાએ અસુવિધા માટે માફી માંગી. પ્રવક્તાએ કહ્યું કે, એર ઈન્ડિયા તેના મુસાફરોને થયેલી અસુવિધા માટે ખેદ વ્યક્ત કરે છે અને સ્થાનિક અધિકારીઓ સાથે સંપૂર્ણ રીતે સહયોગ કરી રહ્યું છે. પ્રતીક્ષા દરમિયાન મુસાફરોને નાસ્તો આપવામાં આવ્યો. એરલાઈને તેમને ખાતરી આપી કે આ ઘટના દરમિયાન તેમની સુરક્ષા અને આરામ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. હાલમાં પાયલટ વિરુદ્ધ તપાસ ચાલુ છે. તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેને ફરજ પરથી હટાવી દેવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ એર ઈન્ડિયાના એક પાઈલટને ટેકનિકલ ખામીવાળું વિમાન ઉડાડવા બદલ શો-કોઝ નોટિસ ફટકારી છે. આ મામલો ગુરુવારે સામે આવ્યો. ફ્લાઈટ AI-358 અને AI-357 છે. DGCA અનુસાર, વિમાનમાં અગાઉથી ઘણી ટેકનિકલ ખામીઓ નોંધાયેલી હતી. તેમ છતાં વિમાનને ઓપરેટ કરવામાં આવ્યું. DGCA એ પાઈલટનું નામ જણાવ્યું નથી. આ નોટિસ ક્યારે મોકલવામાં આવી, તેની માહિતી પણ સામે આવી નથી. DGCA અનુસાર, AI-358 દરમિયાન PACK ACM L (લેફ્ટ એર સાયકલ મશીન) અને પેક મોડ સંબંધિત ચેતવણી મળી. સાથે જ R2 દરવાજા પાસે ધુમાડા જેવી ગંધની ફરિયાદ પણ થઈ. તેમ છતાં વિમાન ઓપરેટ કરવામાં આવ્યું. આ જ સિસ્ટમ સંબંધિત ખામીઓ અગાઉની 5 ફ્લાઈટ્સમાં પણ નોંધવામાં આવી હતી. DGCA એ જણાવ્યું કે તપાસમાં જાણવા મળ્યું કે વિમાન VT-ANI ને મિનિમમ ઈક્વિપમેન્ટ લિસ્ટ (MEL) ના નિયમો અનુસાર ઉડાન ભરવા માટે મંજૂરી આપવામાં આવી ન હતી.

## તંત્રી લેખ

# PMOમાં ફરિયાદ કરનાર ખેડૂતે કફન બતાવી કહ્યું, "મોતથી નથી ડરતો"

"હું કોઈનાથી ડરતો નથી. જ્યારથી આ પ્રકરણ શરૂ થયું ત્યારથી હું મારું કફન સાથે લઈને જ ફરું છું. આટલો મોટો ભ્રષ્ટાચાર બહાર આવતો હોય ત્યારે એ લોકોને પણ પેટમાં દુખશે ખરું! જો કોઈએ આપણા બે-પાંચ હજાર રૂપિયા પચાવી પાડ્યા હોય તોપણ આપણને લાગે કે રૂપિયા આપી દે તો સારું. જ્યારે આ વ્યક્તિ 800 કરોડનો પ્લાન્ટ માગી રહ્યો છે, તેમાં અધિકારીઓ પણ સંડોવાયેલા છે છતાં હું ડરતો નથી." સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કૃષ્ણનગર ગામમાં રહેતા એક ખેડૂતના આ શબ્દો છે. નામ છે અશ્વિન માલવણિયા. છેલ્લા એક અઠવાડિયાથી સુરેન્દ્રનગર જિલ્લો ચર્ચાનો મુદ્દો બન્યો છે, કારણ કે ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ કલેક્ટર અને નાયબ મામલતદારના ઘરે EDના દરોડા પડ્યા છે. કલેક્ટર રાજેન્દ્ર પટેલની બદલી થઈ ગઈ છે અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને રિમાન્ડ પર દિલ્હી લઈ જવામાં આવ્યા છે. ત્યારે ભ્રષ્ટાચારનો વધુ એક ઘટસ્ફોટ અશ્વિન માલવણિયાએ કર્યો છે. હરિયાણાની એક કંપની કેવી રીતે સરકારને ચૂનો ચોપડ્યો?, આ બધું અધિકારીઓની નજર સામે થયું તેમ છતાં તેમણે કેમ આંખ આડા કાન કર્યા? અને પોલ કેવી રીતે ખુલ્લી પડી એનો આ નમૂનો છે. પાંચ મહિના પહેલાં આ મામલે અશ્વિન માલવણિયાએ છેક વડાપ્રધાન કાર્યાલય સુધી ફરિયાદ કરી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના કૃષ્ણનગર ગામે હરિયાણાની એનેસી સોલર પ્રા. લિ. નામની કંપનીએ સોલર પ્લાન્ટ બનાવ્યો છે. એમાં પ્રોજેક્ટ કોસ્ટથી લઈને વિવિધ વિભાગોની મંજૂરી લેવામાં મોટી ગેરરીતિ થઈ હોવાનો દાવો ખેડૂતો કરી રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લાના કૃષ્ણનગર ગામે હરિયાણાની એનેસી સોલર પ્રા. લિ. નામની કંપનીએ સોલર પ્લાન્ટ બનાવ્યો છે. એમાં પ્રોજેક્ટ કોસ્ટથી લઈને વિવિધ વિભાગોની મંજૂરી લેવામાં મોટી ગેરરીતિ થઈ હોવાનો દાવો ખેડૂતો કરી રહ્યા છે. કૃષ્ણનગર ગામ પાસે એનેસી સોલર પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા 2000થી 2200 વીઘામાં એક સોલર પ્લાન્ટ બન્યો છે. અશ્વિન માલવણિયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં કહ્યું, આ સોલર પ્લાન્ટ માટે ઘણા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. અમારા ગામની નજીક ઘુડખર અભયારણ્ય છે અને ઈકો સેન્ટેટિવ ઝોનમાં આવે. આ વિસ્તારમાં બાંધકામ કરવું હોય તો વન વિભાગ NOC આપે તો જ થાય. તેમણે આગળ જણાવ્યું, અહીં સોલર પ્લાન્ટ નાખવો હોય તો આ વિસ્તારમાં રહેતાં પશુ-પક્ષીઓ અને ખાસ કરીને ઘુડખરના સંવર્ધન માટે, એના ખોરાક અને પાણી માટે કુલ પ્રોજેક્ટના 1 ટકા રૂપિયા વન વિભાગમાં જમા કરાવવા પડે, એટલે આ કંપનીએ 60 કરોડ રૂપિયાના કુલ પ્રોજેક્ટ કોસ્ટ બતાવીને 60 લાખ રૂપિયા સરકારમાં જમા કરાવી દીધા. જોકે 60 કરોડ રૂપિયાની પ્રોજેક્ટ કોસ્ટ એ એક રીતે આંકડાની માયાજાળ હતી. હકીકત તો આનાખી કંઈક અલગ જ હતી. માલસામાન આવતાં જ ગામલોકોને શંકા ગઈ કે આ પ્રોજેક્ટ માત્ર 60 કરોડનો ન હોઈ શકે, વન વિભાગની મંજૂરી મળી ગયા પછી એનેસી સોલર પ્રાઈવેટ લિમિટેડે ધડાધડ કામ શરૂ કરી દીધું. લગભગ સવા વર્ષ પહેલાં આ પ્રોજેક્ટ માટે મરીટિયલ આવવાનું શરૂ થયું અને જોતજોતાંમાં જ જમીન કોર્ડન કરીને સોલર પ્લાન્ટ બનાવવાનું ચાલુ થયું. અહીં કામ કરતા મોટા ભાગના લોકો પણ બહારના હતા.

# દેખાદેખી નું ઝેર ક્યારેક આપણને અનુભવ કરાવે છે કે, યે કહાં આ ગયે હમ!!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમયની રફતાર એટલી તેજ છે કે, 50 વર્ષ ઉપરના લગભગ બધાને આજના યુવાનોની આધુનિક વિચારસરણી જોઈને એવું થતું હશે કે, યે કહા આ ગયે હમ, યુહી સાથ સાથ ચલતે !1981માં બનેલી સીલસીલા ફિલ્મનું આ ગીત છે. અમિતાભ બચ્ચન અને લતા મંગેશકર ના અવાજમાં ગીત ગવાયું છે. એના શબ્દો જાવેદ અખ્તરે લખ્યા છે, તેમજ મ્યુઝિક શિવહરિનું છે. ગીતનાં ભાવાર્થમાં આપણે પડવું નથી, પણ માનવી ઘણીવાર સંજોગોને કારણે એવો ઘેરાઈ જતો હોય છે કે જ્યાંથી તેને આગળની કોઈ દિશા સૂઝતી નથી, અને પોતે સાચો છે, અથવા તો જીવનનિર્વાહ કે કર્તવ્ય કર્મમાં સમાજની પરવા કર્યા વગર પોતાની બુદ્ધિ પ્રમાણે દોરાય છે, અને ઘણીવાર ખોટા માર્ગે પણ પહોંચી જાય છે, ત્યારે તેને એમ થાય છે કે મેં આ શું કર્યું? અને હું ક્યાં આવી પહોંચ્યો, મારે આટલી ઉતાવળ કરવાની જરૂર ન્હોતી, થોડી ધીરજ ધરી હોત તો કદાચ સંજોગો સુધરી પણ શકત. પરંતુ દરેક સંજોગો આપણી પરીક્ષા રૂપે આવતા હોય છે, અને એમાંથી આપણે કંઈક શીખ ગ્રહણ કરવાની હોય છે, એ સત્યનો અનુભવ આપણું જીવન ઘડી પણ શકે છે. આગમાં હાથ નાખીએ તો બહુ સ્વાભાવિક રીતે જ દાઝી જવાય, આજનો સમાજ પ્રેમના નામે ગેરમાર્ગે દોરાઈ રહ્યો છે, એ સત્યને આપણે સ્વીકારવું જ પડશે. ફિલ્મો કે કહાનીના નાયક નાયિકા જેવું જીવન હોઈ શકે નહીં, એ તો અભિનય કે કલ્પના માત્ર છે.

આજકાલ આધુનિકરણને કારણે દેખાદેખી પણ ખૂબ જ થતી જોવા મળે છે અને સમાજના દરેકે દરેક વર્ગને બધી જ વસ્તુઓ હોવી જોઈએ, એવું એક સ્વપ્ન પણ તેની આંખોમાં અંજાયેલું જોવા મળે છે. ભારતીય સમાજમાં યુવા પેઢી ત્રણ રીતે ગેર માર્ગે જઈ શકે છે, એક તો અતિ મહત્ત્વાકાંક્ષી હોય તે, બીજું વ્યસનના રવાડે ચડી ગયો હોય તે, અને ત્રીજું આ કહેવાતા પ્રેમમાં નાની ઉંમરમાં ફસાઈ ગયો હોય તે, યુવાની એ ભારતીય સમાજનું બળ છે, અને તે જ્યારે ખોટી દિશામાં જાય ત્યારે ચિંતાનો વિષય તો બને જ છે. મહત્વકાંક્ષી યુવાન જ્યારે પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી ન થાય, ત્યારે ડિપ્રેશન અને હતાશામાં આવી જાય છે. અને ઘણા આવા સંજોગોમાં માનસિક રોગિષ્ટ બની જુદી જુદી પ્રકારની હિંસા પણ કરતાં જોવા મળે છે. ઘણા આ રીતે પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી ન થતા વ્યસનના રવાડે પણ ચડી જાય છે, તો ઘણા મુક્તિ અથવા તો અમુક વિશિષ્ટ આનંદના અનુભવ માટે વ્યસન શરૂ કરતા હોય છે, જે તેનો જીવ લીધા પહેલા તેને છોડતું નથી. કહેવાતાં વિજાતિ આકર્ષણને કારણે થતા પ્રેમમાં યુવાનો લગ્ન સંસ્થાનું માન જાળવતા નથી, અને લિવ ઈન રિલેશનશિપમાં લાંબો સમય રહ્યા પછી, બ્રેકઅપ પણ કરતા હોય છે, અને ત્યારે તેમને ખરેખર આ ગીતના શબ્દો મુજબનો અનુભવ



થાય છે, યે કહા આ ગયે હમ... જીવન એક સ્વપ્ન નથી પરંતુ વાસ્તવિકતા છે, અને એને વાસ્તવિકતા સમજીને જીવવામાં આવે તો એ ક્યારેક સરળ પણ બને. જ્યારે દરેક વખતે સ્વપ્ન કે કલ્પનામાં જોયેલી જિંદગી વાસ્તવિક જીવન કરતાં જુદી પડે, ત્યારે સમસ્યા સર્જાય છે, અને એ સમયે સમાધાન કરવું દરેક વખતે શક્ય પણ હોતું નથી, એટલે ગુમરાહ થવાની કે ગેરમાર્ગે જવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે.

આપણી ફિલ્મોની કમજોરી એ છે કે ફિલ્મના હીરોને વ્યસનનું સેવન કરતા બતાડે છે, અને નીચે નાના અક્ષરમાં લખાયેલું હોય છે કે દારૂ પીવો કે સીગરેટ પીવી એ હાનિકારક છે, સત્ય સાથે પણ આવા દ્રશ્યો શું કામ મૂકવા જોઈએ? જે આજની પેઢીને ગેરમાર્ગે દોરી જાય. કારણકે લખાયેલું તો તરત ભુલાઈ જતું હોય છે, જ્યારે ભજવાયેલું એ પાત્રનો અભિનય ઘણા લાંબા સમય સુધી મગજમાં અસર કરતો હોય છે. એટલે ક્યારેક ક્યારેક સારા મેસેજ વાળી, આવી ફિલ્મો પણ યુવાનોના ગેર માર્ગે જવા માટે કારણભૂત બનતી હોય છે. ઉંમરની અપરિપક્વતા હોય ત્યારે સોબત પણ સારા ખરાબ જીવન માટે જવાબદાર બને છે. એટલે કે સારા મિત્રોની સોબત થઈ હોય તો, જીવન સુધરી પણ જાય, અને ખરાબ મિત્રોની સોબત હોય તો આવા કોઈ ગેર માર્ગે પણ જઈ શકે. દારૂ કે તમાકુનું સેવન કરનારા દરેકે દરેક જણને એ ખબર જ છે કે આ હાનિકારક છે, છતાં તેનો ઉપયોગ તે લોકો આરામથી કરતા હોય છે, અને ક્યારેક તેના બહુ ભયંકર પરિણામ આવે ત્યારે, એને ખરેખર એમ થાય છે કે યે કહા આ ગયે હમ,યુહી સાથ સાથ ચલતે ચલતે.. એટલે કે વ્યસનની સાથે સાથે તે ત્યાં પહોંચી ગયો.

સ્ત્રી સમોવડીનું સુત્ર સ્ત્રીઓને અમુક પ્રકારનાં અધિકાર મળે એ માટે મહિલા જગતએ પ્રચલિત કર્યું. પરંતુ મહાનગરોમાં આજે યુવક કરતાં યુવતીઓ વ્યસનના માર્ગે વધારે જાય છે. ભારતીય સમાજની સૌથી મોટી કમજોરી એટલે દીકરા દીકરી વચ્ચે પક્ષપાતી વલણ! અને એને કારણે ઘરે અમુક પ્રકારના બંધનમાં જીવાયુ હોય, એટલે ભણવા સંદર્ભે બહાર જવાનું થાય ત્યાં મુકતતા, મળતા ઘણા બધા લાલચના પગથિયે લપસી જવાની પૂરેપૂરી શક્યતા છે, અને લિવ ઇન રિલેશનશિપ કે દેહનો વેપાર વગેરે પણ આ બધાની નીપાજ રૂપે જ મળે છે, અને ક્યારેક એવી યુવતીને પણ અમુક મોડ પર પહોંચ્યા પછી એવું થાય યે કહા આ ગયે હમ.

માનવીની બીજી એક કમજોરી એ છે કે મોટેભાગે દરેક ખોટા કર્મનું કારણ તે સંજોગોને બતાવે છે, કે સમય સંજોગો પ્રમાણે તેને આવું કરવું પડ્યું. પરંતુ હકીકતમાં એવું હોતું નથી, સમય સંજોગો તો દરેકના જીવનમાં સારા ખરાબ આવતા જ હોય છે. પરંતુ દરેક વ્યક્તિ ગેરમાર્ગે જાય એવું જરૂરી હોતું નથી, અને માનવી સાચા સંસ્કાર દેખાડવાની આ ક્ષણે જો ચૂકી જઈએ, તો પછી ગેર માર્ગે જવાની પૂરેપૂરી શક્યતા છે. એટલે બાળકો નાના હોય ત્યારથી જ તેમાં અમુક પ્રકારના સંસ્કારોનું, સિંચન કરવાથી મોટા થતાં એ સંસ્કારો જ તેને ગેર માર્ગે જતા રોકી શકે છે, કારણ કે માતા-પિતા કે પછી અન્ય કોઈ સ્વજન હરક્ષણ તેની સાથે હોતું નથી. ત્યારે આ સંસ્કાર તો તેના ચરિત્ર ઘડતરનો એક પાયો છે, અને એ તેની સાથે હરક્ષણ હોય છે. એટલે આવું ખવાય, આવું ન ખવાય,આ પીવાય આવું ન પીવાય, આ પહેરાય, આવું ન પહેરાય, એ બધી રોકટોક અંદરથી જ થાય, અને પોતે ગેરમાર્ગે જાય નહીં.

હિન્દુ સંસ્કૃતિને ઉપર ઉઠાવી હશે તો યુવાનોએ તેને અપનાવવી પડશે, અને આપણી સંસ્કૃતિ ખૂબ જ મહાન છે, અને ખૂબ સારા નૈતિક મૂલ્યો તેમાં સમાયેલા છે. જે હકીકતમાં આપણને સાચા સંતોષ, શાંતિ, આનંદ, સુધી લઈ જનાર છે. પ્રેમ નામના પવિત્ર શબ્દનો સાચો અર્થ સમજી પરસ્પર પ્રીતનો ગુણ વિકસાવવા માટે પણ આ સંસ્કૃતિ ખૂબ જ મહત્વની છે, તો દરેકે દરેક યુવાન આપણી સંસ્કૃતિને વળગી રહે તો જ એ પ્રસન્ન રહી શકશે. જીવનના અમુક મહત્વના નિર્ણયોમાં જો એક વાર ભૂલ થાય તો, જિંદગી આખી પસ્તાવું પડતું હોય છે. માટે સમયે સાચો નિર્ણય લેવો પણ બહુ જરૂરી હોય છે. બુદ્ધિ પરિપક્વ બને એ માટે ખોટા મહત્વકાંક્ષી બનવું નહીં, ખોટા સ્વપ્નાઓ જોવા નહીં, અને વાસ્તવિકતા સાથે જેટલા જોડાયેલા રહીએ, તેટલું જ જીવન વધુ સરળ બન છે, એ વાત યાદ રાખી, જીવન જીવવું. યુવાનો આ સત્યને સમજી અને જીવન જીવે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અને પંજાબ નેશનલ બેંક વચ્ચે સમજુતીપત્ર




**અમદાવાદ, તા. 01**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે તેના કર્મચારીઓ અને પેન્શનરોને વધુ સારી બેંકિંગ સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી પંજાબ નેશનલ બેંક (PNB) સાથે એક સમજુતીપત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ MoU ખાસ રીતે ડિઝાઈન કરાયેલા સેલેરી અને પેન્શન ખાતાઓ દ્વારા સુવિધાજનક નાણાકીય સેવાઓ અને આકર્ષક લાભો પ્રદાન કરે છે.આ MoU પર હસ્તાક્ષર નીચે દર્શાવેલ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા:

પશ્ચિમ રેલવે તરફથી:
શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક
શ્રી સિદ્ધાર્થ, વરિષ્ઠ કાર્મિક અધિકારી, અમદાવાદ મંડળ
પંજાબ નેશનલ બેંક તરફથી:
શ્રી વિનિશ ચાવલા, ઝોનલ પ્રબંધક, ગુજરાત
શ્રી જગદીશ ગુપ્તા, AGM માર્કેટિંગ
શ્રી કુણાલ ચટર્જી, મુખ્ય પ્રબંધક
સેલેરી અને પેન્શન ખાતાની મુખ્ય વિશેષતાઓ:
સેલેરી ખાતું:
ટર્મ ઈન્શ્યોરન્સ: 10 લાખ (NEO વેરિઅન્ટ સિવાય)
પર્સનલ એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (PAI): 100-125 લાખ
એર એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (AAI): 200-250 લાખ
લોકર ભાડામાં 100% સુધી છૂટ
વિશેષ ડેબિટ કાર્ડ ઓફર
પરિવારના સભ્યો માટે શૂન્ય બેલેન્સ ખાતાં
પેન્શન ખાતું:
પર્સનલ એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (PAI): 15-30 લાખ
એર એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (AAI): 30-60 લાખ
હોસ્પિટલ કેશ (Hospicash): 30,000-90,000
રિટેલ લોન પર વ્યાજ દરમાં છૂટ
વાર્ષિક આરોગ્ય તપાસ અને અનલિમિટેડ ટેલિ-કન્સલ્ટેશન
ડિજિટલ પર્સનલ/પેન્શન લોન સુવિધા

આ સહયોગ પશ્ચિમ રેલવેની તેના કર્મચારીઓ અને પેન્શનરોની કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેના દ્વારા તેમને આધુનિક, સુવિધાજનક અને નાણાકીય રીતે લાભદાયક સેવાઓ ઉપલબ્ધ થશે.

# આંખ જ્યારે બુધ્ધિનો સંગ કરે, ત્યારે અક્ષરો વંચાયને અર્થ મળે. પરંતુ આંખ જ્યારે હૃદયનો સંગ કરે, ત્યારે અક્ષરો ઉકેલાય ને ભાવાર્થ મળે..!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

પોષ મહિનાની પૂનમ પહેલાં માવઠું થતાં વળી ધરતી પુત્રોની ચિંતામાં વધારો થયો છે એક બાજુ ઠંડી નથી પડી રહી ત્યાં વરસાદી પાણી હવે શું કરવું ?તેવી વિહવળતાં વચ્ચે આપણે જોઈએ તો પત્ની અને પતિ વચ્ચે ઝઘડો થયો. રાત્રિભોજન પછી અને બાળકો સૂઈ ગયા,પત્ની ઘરની બહાર નીકળી ગઈ, તેને લાગ્યું કે તે હવે તેના પતિ સાથે રહી શકશે નહીં.પડોશની શેરીઓમાં ભટકતી વખતે,તેણે એકસ્ત્રીને તેના બાળકને રોટલી મળે તે માટે ભગવાનને પ્રાર્થના કરતી સાંભળી

થોડી આગળ ચાલતી વખતે,તેણે બીજા ઘરમાંથી અવાજસાંભળ્યો જ્યાં એક સ્ત્રી ભગવાનને તેના પુત્રને બધી મુશ્કેલીઓથી બચાવવા માટે પ્રાર્થના કરી રહી હતી.બીજા ઘરમાંથી,એક પતિ તેની પત્નીને મકાનમાલિક પાસેથી થોડા વધુ દિવસની રજા માંગવા કહી રહ્યો હતોઅને હાથ જોડીને તેને દરરોજ આવીને હેરાન ન કરવા વિનંતી કરી રહ્યો હતો.થોડી આગળ ચાલતી વખતે,એક વૃદ્ધ દાદી તેના પૌત્રને કહી રહી હતી, 'દીકરા,તું મને દવા લાવ્યાને ઘણો સમય થઈ ગયો છે'પૌત્ર,બ્રેડ ખાતા બોલ્યો, 'દાદી,મેડિકલ સ્ટોર હવે દવા વેચતો પણ નથી,અને મારી પાસે તમારા માટે તે ખરીદવા માટે પૂરતા પૈસા પણ નથી.'થોડે આગળ જતાં, તેણીને એક ઘરમાંથી એક સ્ત્રીનો અવાજ સંભળાયો,જે તેના ભૂખ્યા બાળકોને કહેતી હતી, 'તમારા પિતા આજે ચોક્કસ તમારા માટે કંઈક ખાવાનું લાવશે, તેથી તમારે ત્યાં સુધી સૂઈ જવું જોઈએ. જ્યારે તમારા પિતા આવશે,ત્યારે હું તમને જગાડીશ 'તે સ્ત્રી થોડી વાર ત્યાં ઉભી રહી અને તેના ઘરે પાછી ફરી,તે વિચારતી હતી કે જે લોકો ખુશ અને સંતુષ્ટ દેખાય છે તેમની પાસે પણ કહેવા માટે એક વાર્તા છે.છતાં,તેઓ બધા પોતાના દુ:ખ અને પીડા છુપાવીને જીવે છે સ્ત્રી ઘરે પાછી ફરી અને પોતાનું ઘર,બાળકો અને એક સારો પતિ હોવા બદલ ભગવાનનો આભાર માન્યો. હા,તેઓ ક્યારેક તેના પતિ સાથે દલીલ કરે છે, પરંતુ તે હજુ પણ તેની ખૂબ કાળજી રાખે છે. સ્ત્રી વિચારી રહી હતી કે તેના જીવન માં કેટલું દુ:ખછે,પરંતુ જ્યારે તેણે લોકોની વાતસાંભળી ત્યારે તેને સમજાયું કે બીજાના દુ:ખ તેના કરતા પણ મોટા હતા.

શુર્પણખાએ પોતાનું વિશાળ રાક્ષસી રૂપ ધારણ કર્યું. વાસના પણ શુર્પણખાની જેમ પહેલાં સુંદર લાગે છે, પણ પછી પોતાનું પોત પ્રકાશિત કરે છે અને જીવને ફસાવે છે.

લક્ષ્મણજીએ શર્પણખાનાં નાક- કાન કાપી નાખ્યાં અને નાકકટ્ટી, કાનકટ્ટી થઈ.તે રાવણ-પાસે ગઈ. ત્યાં જઈને કહે,રામ-લક્ષ્મણ નામે બે છોકરાં પંચવટીમાં રહે છે. તેની સાથે એક સુંદર સ્ત્રી છે.હું તેને તારા માટે લેવા ગઈ તો મારી આ દશા થઈ! રાવણે શુર્પણખાને આશ્વાસન આપ્યું.

આ તરફ રામજીએ સીતાને કહ્યું, દેવી, હવે લીલા કરવી છે. આપ અગ્નિમાં નિવાસ કરો એટલે કહેવામાં આવે છે કે,રાવણ જે સીતાને લઈ ગયો હતો તે તો સીતાજીની છાયા હતી સીતાજી અગ્નિમાં વસ્યાં હતાં.

રાવણ મારીચ સાથે પંચવટી પાસે ના વનમાં આવ્યો.મારીચે કનક મૃગનું રૂપ ધારણ કર્યું. સીતાજીએ તે કપટમૃગને જોયું.



તેણે રામજીને કહ્યું,આ મૃગને મારી તેનું ચામડું લઈ આવો! રામજી મૃગને મારવા ગયા. રામજીએ મારીચને બાણ માર્યું અને હે લક્ષ્મણ! કરતો તે જમીન પર પડ્યો.આ બાજુ સીતાજીએ,હે લક્ષ્મણની બૂમ સાંભળી.સીતાજીના કહેવાથી લક્ષ્મણ રામજીની મદદે ગયા. દરમિયાન રાવણે સીતાજીનુંહરણ કર્યું.સીતાજીને રથમાં બેસાડીને તે આકાશમાર્ગે જવા લાગ્યો.સીતા જીનો વિલાપ સાંભળી જટાયુ યુદ્ધ કરવા, આવ્યો રાવણે તેની પાંખો કાપી નાખી. રામ-લક્ષ્મણ આશ્રમમાં આવ્યા. જુએતો આશ્રમમાં સીતાજી નથી રઘુનાથજીએ નાટક કર્યું.હે સીતે કરી વિલાપ કરવા લાગ્યા. લક્ષ્મણજી વારંવાર સમજાવે છે, ધીરજ રાખો,ધૈર્ય ધરો!જરી આંખો તો ઊઘાડો. રામ કહે છે કે,આંખો કેવી રીતે ઊઘાડું?ધરતી મારી સાસુ છે તેના તરફ જોઉં તો તે મને વહે છે કે, સ્ત્રી નું રક્ષણ કરવાની શક્તિ ન હતી તો પરણ્યો શું કામ?આકાશ તરફ જોઉં છું તો સૂર્યનારાયણ ઠપકો આપે છે કે, તું મારા કુળમાં આવો કેવો જન્મ્યો કે પત્નીનું રક્ષણ કરી શક્યો નહીં. રામ-લક્ષ્મણ સીતાની શોધમાં ફરે છે.રસ્તામાં તેમણે જટાયુને પડેલો જોયો.જટાયુએ કહ્યું. રાવણે મારી આ દશા કરી છે.તે સીતાજીનું હરણ કરી દક્ષિણ દિશા તરફ ગયો છે. રામચંદ્રજીએ કહ્યું કે, તમે કહો તો તમારા શરીરને સારું બનાવી દઉં.પણ જટાયુએ ના પાડી. કહે કે મરતી વખતે જેનું નામ માત્ર મુખમાંથી નીકળે છે તો અધમ પણ મુક્તિ પામે છે તે આપ અત્યારે મારી આંખો આગળ ઊભા છો. આથી વધુ કંઈ આશાથી હું જીવવાનો મોહ રાખું? વાચક ચાહક મિત્રો,તમને ખુશ અને સંતુષ્ટ દેખાતા દરેક વ્યક્તિનું જીવન સંપૂર્ણ હોતું નથી. તેમને પણ કોઈને કોઈ પ્રકારની મુશ્કેલી કે મુશ્કેલી હોય છે,પરંતુ દરેક વ્યક્તિ પોતાની સમસ્યાઓ અને દુ:ખોને સ્મિત સાથે છુપાવે છે. બીજાના હાસ્ય પાછળ,દુ:ખ અને દુ:ખના આંસુ હોય છે. મુશ્કેલીઓ અને કસોટીઓ છતાં જીવવું એ જીવનની વાસ્તવિકતા છે; આ સાચું જીવન છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ. આ તરફ રામજીએ સીતાને કહ્યું, દેવી, હવે લીલા કરવી છે. આપ અગ્નિમાં નિવાસ કરો એટલે કહેવામાં આવે છે કે,રાવણ જે સીતાને લઈ ગયો હતો તે તો સીતાજીની છાયા હતી સીતાજી અગ્નિમાં વસ્યાં હતાં. રાવણ મારીચ સાથે પંચવટી પાસે ના વનમાં આવ્યો.મારીચે કનક મૃગનું રૂપ ધારણ કર્યું.સીતાજીએ તે કપટમૃગને જોયું.તેણે રામજીને કહ્યું,આ મૃગને મારી તેનું ચામડું લઈ આવો! રામજી મૃગને મારવા ગયા.રામજીએ મારીચને બાણ માર્યું અને હે લક્ષ્મણ! કરતો તે જમીન પર પડ્યો.આ બાજુ સીતાજીએ,હે લક્ષ્મણની બૂમ સાંભળી. સીતાજીના કહેવાથી લક્ષ્મણ રામજીની મદદે ગયા. દરમિયાન રાવણે સીતાજીનુંહરણ કર્યું.સીતાજીને રથમાં બેસાડીને તે આકાશમાર્ગે જવા લાગ્યો.સીતા જીનો વિલાપ સાંભળી જટાયુ યુદ્ધ કરવા, આવ્યો રાવણે તેની પાંખો કાપી નાખી. રામ-લક્ષ્મણ આશ્રમમાં આવ્યા. જુએતો આશ્રમમાં સીતાજી નથી રઘુનાથજીએ નાટક કર્યું.હે સીતે કરી વિલાપ કરવા લાગ્યા. લક્ષ્મણજી વારંવાર સમજાવે છે, ધીરજ રાખો,ધૈર્ય ધરો!જરી આંખો તો ઊઘાડો. રામ કહે છે કે,આંખો કેવી રીતે ઊઘાડું?ધરતી મારી સાસુ છે તેના તરફ જોઉં તો તે મને વહે છે કે, સ્ત્રી નું રક્ષણ કરવાની શક્તિ ન હતી તો પરણ્યો શું કામ?આકાશ તરફ જોઉં છું તો સૂર્યનારાયણ ઠપકો આપે છે કે, તું મારા કુળમાં આવો કેવો જન્મ્યો કે પત્નીનું રક્ષણ કરી શક્યો નહીં. રામ-લક્ષ્મણ સીતાની શોધમાં ફરે છે.રસ્તામાં તેમણે જટાયુને પડેલો જોયો.જટાયુએ કહ્યું. રાવણે મારી આ દશા કરી છે.તે સીતાજીનું હરણ કરી દક્ષિણ દિશા તરફ ગયો છે. રામચંદ્રજીએ કહ્યું કે, તમે કહો તો તમારા શરીરને સારું બનાવી દઉં.પણ જટાયુએ ના પાડી. કહે કે મરતી વખતે જેનું નામ માત્ર મુખમાંથી નીકળે છે તો અધમ પણ મુક્તિ પામે છે તે આપ અત્યારે મારી આંખો આગળ ઊભા છો.ધીરજ રાખો,ધૈર્ય ધરો!જરી આંખો તો ઊઘાડો. રામ કહે છે કે,આંખો કેવી રીતે ઊઘાડું?ધરતી મારી સાસુ છે તેના તરફ જોઉં તો તે મને વહે છે કે, સ્ત્રી નું રક્ષણ કરવાની શક્તિ ન હતી તો પરણ્યો શું કામ?આકાશ તરફ જોઉં છું તો સૂર્યનારાયણ ઠપકો આપે છે કે, તું મારા કુળમાં આવો કેવો જન્મ્યો કે પત્નીનું રક્ષણ કરી શક્યો નહીં. રામ-લક્ષ્મણ સીતાની શોધમાં ફરે છે.રસ્તામાં તેમણે જટાયુને પડેલો જોયો. જટાયુએ કહ્યું.રાવણે મારી આ દશા કરી છે.તે સીતાજીનું હરણ કરી દક્ષિણ દિશા તરફ ગયો છે. રામચંદ્રજીએ કહ્યું કે, તમે કહો તો તમારા શરીરને સારું બનાવી દઉં.પણ જટાયુએ ના પાડી. કહે કે મરતી વખતે જેનું નામ માત્ર મુખમાંથી નીકળે છે તો અધમ પણ મુક્તિ પામે છે તે આપ અત્યારે મારી આંખો આગળ ઊભા છો. આથી વધુ કંઈ આશાથી હું જીવવાનો મોહ રાખું? વાચક ચાહક મિત્રો,તમને ખુશ અને સંતુષ્ટ દેખાતા દરેક વ્યક્તિનું જીવન સંપૂર્ણ હોતું નથી. તેમને પણ કોઈને કોઈ પ્રકારની મુશ્કેલી કે મુશ્કેલી હોય છે,પરંતુ દરેક વ્યક્તિ પોતાની સમસ્યાઓ અને દુ:ખોને સ્મિત સાથે છુપાવે છે. બીજાના હાસ્ય પાછળ,દુ:ખ અને દુ:ખના આંસુ હોય છે. મુશ્કેલીઓ અને કસોટીઓ છતાં જીવવું એ જીવનની વાસ્તવિકતા છે; આ સાચું જીવન છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને વિઝન સાથે નવા વર્ષની વિકાસ ભરી શરૂઆત : વિરમગામ વિધાનસભા વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત સંપન્ન

**અમદાવાદ, તા. 07**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 2026ના વર્ષના પ્રથમ દિવસે વિરમગામ વિધાનસભા મત વિસ્તારના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ્વે, ઓવરબ્રીજ સહિતના 497 કરોડ રૂપિયાના વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી આ અવસરે જન મેદનીને સંબોધતા કહ્યું કે, એક સમયે ટાંચા સંસાધનો, વરસાદ આધારિત ખેતી, રોજગારી માટે યુવાઓનું સ્થળાંતર જેવી વિકટ સ્થિતી ધરાવતો માંડલ-બેચરાજી-વિરમગામ વિસ્તાર આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝનથી એસ.આઈ.આર. અને ઓટો હબ બની ગયો છે. આ સંદર્ભમાં શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, છેવાડાના માનવીના હિતનો સંકલ્પ અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વિકાસની ચરમ સીમાનું ઉદાહરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપે પૂરું પાડ્યું છે. તેમણે કહ્યું કે, વિકાસની રાજનીતિનો જે અભિગમ વડાપ્રધાનશ્રીએ અપનાવ્યો છે તેને હવે તો સૌ સ્વીકારતા થયા છે અને બિહારની તાજેતરની ચૂંટણીના પરિણામો તેનો આદર્શ દાખલો છે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં પાછલા અઢી દાયકા કરતાં વધુ સમયથી શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી સહિતના જે વિકાસ કામો ડબલ એન્જિન સરકારની સ્પીડથી થયા છે તેનાથી ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવા માટે રોડ રેલવે સહિતના અનેક કામો વિરમગામ-માંડલ વિસ્તારમાં થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ માંડલ-બેચરાજી SIRને જોડતા રોડ, રસ્તા અને બ્રીજના ૪૮૮ કરોડના કામો પૂર્ણ કર્યા છે. SIR સાથે જોડાતા ધોરીમાર્ગો, પરિવહન માળખાના વિકાસ અને ફોરલેન રોડ તથા રેલવે ઓવરબ્રિજના લીધે આ વિસ્તારના વિકાસને નવી દિશા અને નવી ગતિ મળશે. રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી કોકતા ફાટક પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે, જેનાથી આશરે ૧ લાખ નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની ગતિ વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે,વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ વિવિધ એક્સપ્રેસ વે, કોરિડોર અને વ્યૂહાત્મક પુલ, ટનલના કાર્યો પૂર્ણ થયા છે. ૨૦૧૪ પહેલા રોજના ૧૨ કિમી હાઈવે બનતા હતા, તેની સામે આજે રોજ ૩૪ કિમી હાઈવે બની રહ્યા છે. રાજ્ય સરકારે પણ નમો શક્તિ એક્સપ્રેસ-વે અને ૧૧૫૫ કિલોમીટરના ૧૨ જેટલા ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર માટે ૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે તેની ભુમિકા તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે નાગરિકોને અપીલ કરી હતી કે, જ્યારે આટલો મોટો ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હોય ત્યારે આપણે સૌએ સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવો જોઈએ અને સ્વચ્છતા લોકોનો સહજ સ્વભાવ બનવો જોઈએ. આ પ્રસંગે વિરમગામના ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી દ્વારા આજે અનેક વિકાસ કાર્યોના ખાતમુર્હુત થયા છે, જેનો લાભ સ્થાનિક વિસ્તાર સહિત શંખેશ્વર,બેચરાજીના શ્રદ્ધાળુઓને ફાયદો થવાનો છે,તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં વિરમગામ વિધાનસભા વિસ્તારમાં ૨૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો મળ્યા છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિકાસથી કોઈ વંચિત ન રહી જાય તેની ચિંતા સરકાર દ્વારા કરાઈ છે,તેમ જણાવીને ધારાસભ્યશ્રીએ વિસ્તારના સમગ્રતયા વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો, સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને મિલેટ બાસ્કેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરશ્રીએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સંપન્ન થયેલા વિરમગામ વિધાનસભા વિસ્તારના વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્તમાં વિરમગામ નગરપાલિકાથી માંડલ-દસાડા રોડનું ૨૮૫ કરોડનું કામ, વિરમગામ શહેરના રૈયાપુર ઓવરબ્રિજનું ૯૧ કરોડનું કામ, માંડલ તાલુકાના વિઠ્ઠલાપુરથી દેત્રોજ-કડી રોડના રિસર્ફેસિંગનું ૫૫ કરોડનું કામ, વિરમગામ તાલુકાના થોરી મુબારકથી લીયા-વાંસવા રોડનું ૩૯ કરોડનું કામ, કરકથલ-હાંસલપુર રોડનું ૧૨ કરોડનું કામ, દેત્રોજ નવા સર્કિટ હાઉસનું ૫ કરોડનું કામ, વિરમગામ નવા સર્કિટ હાઉસનું ૫ કરોડનું કામ, દેત્રોજ સબ રજિસ્ટ્રાર કચેરીનું ૨.૪૫ કરોડનું કામ તેમજ વિરમગામ તાલુકાના સચાણા બાયપાસ રોડના ૩ કરોડના કામો સહિત વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા વાઘેલા,જિલ્લા કલેક્ટર શ્રી સુજિત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ,અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર અને સ્પેશિયલ સેક્રેટરી શ્રી જે. એ. ગાંધી, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, વિરમગામ નગરપાલિકા પ્રમુખશ્રી, પાલિકાના અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં જાહેર સલામતી અને શાંતિ જાળવવા હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર નિયંત્રણો રાખવા અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

**અમદાવાદ, તા. 01**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ. ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ મકાન ભાડુઆત/ ૧૪૧ /૨૦૨૫. તા. ૨૯/૧૨/૨૦૨૫ વંચાણે લીધા:- (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી./૬૫૦૬/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ તથા, (૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/આર.બી./૧૨૧૫૮/૨૦૨૫ તા. ૨૬/૧૨/૨૦૨૫ આધારે, (૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૪૨૨૭/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે, (૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર.બી./૭૮૭૩/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે, (૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આર.બી./૭૮૭૧/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે, (૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૬૭૧૯/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે, (૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી./૯૩૧૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે, ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ગુનેગાર તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

## અમદાવાદમાં વાહન વ્યવહાર પ્રતિબંધિત/ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

**અમદાવાદ, તા. 01**

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫૦/૨૦૨૫, હું, જી.એસ. મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ પર મચ્છુનગર પાસે આવેલ બ્રીજ જર્જરીત હોવાથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા તોડી નવો બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જે અંગે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું. હુકમ :- અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ મચ્છુનગર પર આવેલ બ્રીજ આશરે ૨૩ મીટર લંબાઈનો બ્રીજ તોડી પાડી નવનિર્માણ કરવાનો હોવાથી તેનું આસિસ્ટન્ટ એન્જીનીયર,ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા સદર જગ્યાએ બ્રીજ પરનો આવતો જતો ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટરનો રોડ તમામ પ્રકારના વાહનોની અવર-જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઈ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટર તરફ જતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે ઉક્ત વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત:- વટવા જી.આઈ.ડી.સી. મચ્છુનગર બ્રીજ જે રામોલ ચાર રસ્તાથી અંબિકા ત્રણ રસ્તા સુધી આશરે ૨૦૦ મીટર જેટલો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. વૈકલ્પિક માર્ગની વિગત:- ૧. વટવા જી.આઈ.ડી.સી. મચ્છુનગર અંદરના ભાગથી આવતો ટ્રાફિક રામોલ પોલીસ ચોકી થઈ હાથીજણ લાલગેબી સર્કલ થઈ ત્રિકમપુરા વાળા અલગ અલગ મુખ્ય માર્ગ જઈ શકશે. ૨. વટવા જી.આઈ.ડી.સી. બહારથી જી.આઈ.ડી.સી. અંદર આવવા માટે ત્રિકમપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી જી.આઈ.ડી.સી. તરફ અલગ અલગ માર્ગો તરફ જઈ શકશે. : જાહેરનામાની અમલવારીની વિગત :- આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા. ૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી કરવાનો રહેશે. આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગ, અમદાવાદમાં ખેમરાજ મીનાએ જનસંપર્ક અધિકારી તરીકે કાર્યભાર સંભાળ્યો



**અમદાવાદ, તા. 01**

પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગ, અમદાવાદમાં તારીખ 01 જાન્યુઆરી 2026ના રોજ શ્રી ખેમરાજ મીનાએ જનસંપર્ક અધિકારી (PRO)ના પદનો કાર્યભાર સંભાળ્યો. કાર્યભાર સંભાળતા પહેલા શ્રી ખેમરાજ મીના પશ્ચિમ રેલવેના રતલામ મંડળ હેઠળ ઈન્દોરમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. આ પહેલાં તેઓ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ તેમજ દક્ષિણ રેલવેના તિરુવનંતપુરમ મંડળમાં પણ જનસંપર્ક અધિકારી તરીકે પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. શૈક્ષણિક લાયકાત તરીકે શ્રી ખેમરાજ મીનાએ ભારતીય જન સંચાર સંસ્થાન (IIMC) માંથી પત્રકારિતામાં ડિપ્લોમા મેળવ્યો છો તેમના અનુભવ અને કાર્યકુશળતાથી પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગના જનસંપર્ક કાર્યને નવી દિશા મળશે.

### અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025 : જ્ઞાન, કળા અને સંસ્કૃતિનું નવ-દિવસીય મહાકુંભ

## વિરમગામના થોરીથાભા અને કમિજલા ગામમાં ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ

- નિષ્ણાતો દ્વારા ખેડૂતોને જીવામૃતથી મૂલ્યવર્ધન સુધીનું માર્ગદર્શન અપાયું
- રવિ પાક અને આત્મનિર્ભર ખેતી અંગે જાગૃતિ અભિયાન કાર્યક્રમનું સફળ આયોજન

**ગાંધીનગર, તા. 01**

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના થોરીથાભા અને કમિજલા ગામ ખાતે ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. અને ખેડૂતોને આધુનિક તથા ઝેરમુક્ત ખેતી તરફ વળવા પ્રેરણા આપી હતી. તાલીમ દરમિયાન ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી દીપિકાબહેન લેઉવાએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મુખ્ય સિદ્ધાંતો વિશે ઊંડાણપૂર્વકની સમજૂતી આપી હતી. તેમણે જમીનની ફળદ્રુપતા વધારવા માટે અત્યંત ઉપયોગી એવા જીવામૃત, બીજામૃત અને ઘનજીવામૃત બનાવવાની પદ્ધતિઓ તેમજ ખેતરમાં આચ્છાદન અને વાપસા જાળવી રાખવાના ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રક્રિયાઓ દ્વારા રાસાયણિક ખાતરો અને દવાઓનો ખર્ચ ઘટાડીને કેવી રીતે ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી શકાય તે અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના દ્વિતીય ચરણમાં પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ રવિ પાકની પૂર્વ તૈયારીઓ અંગે ટેકનિકલ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં બિયારણનો યોગ્ય દર, નિંદામણ નિયંત્રણની પદ્ધતિઓ, કાર્યક્ષમ પિયત વ્યવસ્થા અને ખેત ઉત્પાદનોના મૂલ્યવર્ધન દ્વારા વધુ આવક મેળવવાના નુસખા જણાવ્યા હતા. આ સાથે જ રવિ પાકમાં પરાગનયન માટે મધમાખીઓના મહત્વ અને તેનાથી ઉત્પાદનમાં થતા વધારા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા ખેતી વિષયક પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના તજજ્ઞોએ સંતોષકારક ઉત્તર આપ્યા હતા, જેનાથી સ્થાનિક ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ મેનેજર શ્રી જિજ્ઞેશભાઈ પટેલ, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજયભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના દ્વિતીય ચરણમાં પ્રાકૃતિક

ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ રવિ પાકની પૂર્વ તૈયારીઓ અંગે ટેકનિકલ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં બિયારણનો યોગ્ય દર, નિંદામણ નિયંત્રણની પદ્ધતિઓ, કાર્યક્ષમ પિયત વ્યવસ્થા અને ખેત ઉત્પાદનોના મૂલ્યવર્ધન દ્વારા વધુ આવક મેળવવાના નુસખા જણાવ્યા હતા. આ સાથે જ રવિ પાકમાં પરાગનયન માટે મધમાખીઓના મહત્વ અને તેનાથી ઉત્પાદનમાં થતા વધારા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા ખેતી વિષયક પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના તજજ્ઞોએ સંતોષકારક ઉત્તર આપ્યા હતા, જેનાથી સ્થાનિક ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ મેનેજર શ્રી જિજ્ઞેશભાઈ પટેલ, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજયભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### 'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬'

# ‘ભારત એક ગાથા’ થીમ સાથે ૧૪મા ઈન્ટરનેશનલ ફ્લાવર શૉનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિ

**ગાંધીનગર, તા. 01**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ’અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ ૨૦૨૬’નો શુભારંભ કરાવ્યો હતો. ‘ભારત એક ગાથા’ થીમ પર ઈન્ટરનેશનલ ફ્લાવર શૉની આ ૧૪મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ગૌરવસભર સંસ્કૃતિને રજૂ કરતાં આ ભવ્ય ઉત્સવને આગામી તા. ૨૨ જાન્યુઆરી સુધી માણી શકાશે. આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ’અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬’ના શુભારંભ બાદ મુખ્યમંત્રી સહિત તમામ ઉપસ્થિત મહેમાનોએ ફ્લાવર શૉનાં વિવિધ ઝોનની મુલાકાત લઈને વિવિધ આકર્ષણો નિહાળ્યા હતા. આ ઉપરાંત, અનેકવિધ ફ્લાવર સ્કલ્પચરને સૌએ બિરદાવ્યા પણ હતા. આ પ્રદર્શનમાં ‘સ્ત્રી સશક્તીકરણ’ની થીમ પર તૈયાર કરવામાં આવેલા સ્કલ્પચરનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરણ કરાયું હતું. વધુમાં, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા માટેના યોગદાનને સન્માન આપતું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરાયું છે. તદુપરાંત, યુનેસ્કો દ્વારા જાહેર ‘વિશ્વની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર-દિવાળી’ પર વિશેષ કૃતિ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. ઉલ્લેખનીય છે કે, પ્રદર્શનના વિવિધ ઝોન ભારતના અલગ-અલગ આયામોને ઉજાગર કરશે. જેમાં પ્રાચીન જ્ઞાન, ઉત્સવોનો ઉલ્લાસ, કલાત્મક તેજસ્વિતા અને આધુનિક વિકાસની ગાથા સામેલ છે. મુલાકાતીઓને એક ઝોનમાંથી બીજા ઝોનમાં આગળ વધવાની સાથે પ્રાચીનથી અર્વાચીન ભારતની સમગ્ર સમયયાત્રાનો અનુભવ થશે. અહીં ‘વિવિધતામાં એકતા’ની ભાવનાને નજીકથી અનુભવી



શકશે. વધુમાં, ખાસ ઑડિયો ગાઈડ પણ બનાવવામાં આવ્યા છે. ફ્લાવર શૉમાં વિવિધ સ્થળ પર ક્યૂઆર કોડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પચર અને ઝોન વિષેની માહિતી મેળવી શકાશે. આ સિવાય, સોવેનિયર શોપ, નર્સરી, ચાઈલ્ડ કૅર યુનિટ ઉપરાંત ફૂડ સ્ટોલ મુલાકાતીઓનાં આકર્ષણનાં કેન્દ્ર બની રહેશે. જનભાગીદારીથી આયોજિત આ ફ્લાવર શૉમાં ઘણા સ્વતંત્ર કોર્પોરેટ અને સરકારી એકમો આ આયોજનમાં ભાગીદાર બન્યા છે. આ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, અમદાવાદના ધારાસભ્યો સર્વશ્રી અમિત ઠાકર, જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, મ્યુનિ. કોર્પોરેશનના હોદ્દેદારો, પદાધિકારીઓ તથા કોર્પોરેટ એકમોના પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬નાં મહત્ત્વનાં આકર્ષણો ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો શાશ્વત ભારત ઝોન અને ૩૦ મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ ફ્લાવર શૉના મહત્ત્વનાં આકર્ષણો દેશની હાઈ-સ્પીડ રેલ, નવીનીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓને ફૂલોના માધ્યમથી રજૂ કરાઈ, વિશ્વકક્ષાનો અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૨૬ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિની સુંદરતાનો સંગમ રજૂ કરે છે. આ વાર્ષિક રંગોત્સવમાં ભારતભરમાંથી પ્રકૃતિ અને સંસ્કૃતિપ્રેમીઓ મુલાકાત લે છે. એટલું જ નહીં, ફૂલોની ફોરમની સાથે માનવીય કલાકારીગીરીની અગણિત યાદો પણ સાથે લઈને જાય છે. આ ફૂલ મહોત્સવ એક પ્રદર્શન ન રહેતા, પર્યાવરણીય જાગૃતિ અને સસ્ટેનેબિલિટી તેમજ અમદાવાદ શહેરની જૈવવિવિધતા અને ઈકોફ્રેન્ડલી સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. જે નાગરિકોને પણ પર્યાવરણ અંગે જાગૃત કરી, તેમને આ ફ્લાવર શૉમાં સંસ્કૃતિ અને પ્રકૃતિના સંવર્ધન માટે ભાગીદાર બનવા પ્રોત્સાહન પૂરું પાડે છે. ફ્લાવર શોની યાત્રા ભવ્ય પ્રવેશદ્વારથી શરૂ થશે, જ્યાં બે વિશાળ ફૂલોના સિંહો મુલાકાતીઓનું સ્વાગત કરશે. આ સિંહો ભારતની હિંમત, ગૌરવ અને અડગ આત્માનું પ્રતીક બની રહેશે. પ્રવેશ ઝોનમાં કમળના ફાઉન્ટેન દ્વારા રાષ્ટ્રીય ગૌરવને ફૂલોથી સજાવી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર પ્રદર્શનના થીમને અનુરૂપ ગૌરવસભર વાતાવરણ સર્જશે. પ્રદર્શનમાં ભારતના વિવિધ ઉત્સવોને સમર્પિત વિશેષ ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ફૂલકળાના માધ્યમથી દિવાળીના પ્રકાશ અને આશાનો સંદેશ, હોળીના રંગો અને ઉલ્લાસ, ઓણમની પરંપરાગત સૌમ્યતા અને બિહુના લયબદ્ધ ઉત્સવોને જિવંત સ્વરૂપ આપવામાં આવશે. આ ઝોન ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઉજાગર કરી એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે. તે સાથે જ બાળકો માટે વિશેષ રંગીન અને આનંદમય ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં કાર્ટૂન પાત્રો દ્વારા બાળકો માટે મનોરંજન અને કલ્પનાનું વિશ્વ સર્જવામાં આવશે. ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો ‘શાશ્વત ભારત’ ઝોન પણ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ બનશે. આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ઝોનમાં સમુદ્ર મંથન, ગીતા સાર, ગોવર્ધન લીલા, ગંગા અવતરણ અને રામસેતુ જેવા પૌરાણિક પ્રસંગોને ફૂલોના શિલ્પો દ્વારા કલાત્મક રીતે પુનઃરચિત કરવામાં આવ્યા છે. જે મુલાકાતીઓને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક કથાઓ સાથે જોડે છે. આ સાથે ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓને સમર્પિત ઝોનમાં કુચિપુડી, ભાંગડા, ગરબા અને કથકલી જેવાં નૃત્ય સ્વરૂપોની સૌમ્યતા રજૂ થશે. આ ઝોનના કેન્દ્રમાં ભગવાન નટરાજની પ્રતિમા ભારતની કલાત્મક સમૃદ્ધિ, પરંપરાની સતતતા અને તાલની સર્વવ્યાપી ભાષાનું પ્રતીક બની રહેશે. આધુનિક ભારતની પ્રગતિને દર્શાવતો ‘ભારતની સિદ્ધિઓ’ ઝોન ફૂલોના માધ્યમથી દેશની હાઈ-સ્પીડ રેલ, નવીવીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી ઉત્તમતાને રજૂ કરશે.



## ટેસ્ટ રેન્કિંગમાં સ્ટાર્ક નંબર-2 પર આવ્યો

# બુમરાહ ટૉપ પર:બેટર્સમાં હેરી બ્રુકને 3 સ્થાનનો ફાયદો, વન-ડેમાં ટૉપ-2 પર રોહિત-કોહલી યથાવત

મુંબઈ, તા. 01

બુધવારે જાહેર થયેલી ICC રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના પેસર્સને ફાયદો થયો છે. મેલબોર્નમાં રમાયેલી ચોથી એશિઝ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શનના આધારે ઓસ્ટ્રેલિયાના ડાબા હાથના ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં બીજા નંબર પર પહોંચી ગયા છે. સ્ટાર્કના ખાતામાં હવે 843 રેટિંગ પોઈન્ટ્સ છે. તેઓ નંબર-1 પર રહેલા ભારતીય પેસર જસપ્રીત બુમરાહ (879 પોઈન્ટ્સ)થી 36 પોઈન્ટ પાછળ છે. મેલબોર્ન ટેસ્ટમાં કુલ 36 વિકેટ પડી, જેમાંથી 35 વિકેટ ઝડપી બોલરોએ લીધી. આ જ કારણે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના પેસર્સને રેન્કિંગમાં મોટો ફાયદો થયો. જોકે, સ્ટાર્ક માટે હાલમાં ટોચના સ્થાને પહોંચવું સરળ નહીં હોય, કારણ કે ઓસ્ટ્રેલિયન ટીમને આવનારા સમયમાં લાંબા સમય સુધી કોઈ ટેસ્ટ મેચ રમવાની નથી.

જોશ ટંગને 13 સ્થાનનો ફાયદો

જોશ ટંગે (5/45 અને 2/44) મેલબોર્ન ટેસ્ટમાં કુલ 7 વિકેટ ઝડપી. તેને બોલિંગ રેન્કિંગમાં 13 સ્થાનનો ફાયદો થયો. તે 573 રેટિંગ પોઈન્ટ્સ સાથે 30મા સ્થાને પહોંચી ગયો છે. આ મેચમાં ઈંગ્લેન્ડને આ પ્રવાસમાં પ્રથમ જીત મળી. ગસ એટકિન્સને નવી બોલથી ટ્રેવિસ હેડની મહત્વની વિકેટ લીધી. તેણે કુલ ત્રણ વિકેટ લીધી અને ચાર સ્થાનની છલાંગ લગાવીને 698 પોઈન્ટ્સ સાથે સંયુક્ત રીતે 13મા સ્થાને પહોંચી ગયો. સ્કોટ બોલેન્ડ 2 સ્થાનની છલાંગ લગાવીને 810 રેટિંગ પોઈન્ટ્સો સાથે સાતમા સ્થાને પહોંચી ગયા. જે તેમના કારકિર્દીનું શ્રેષ્ઠ સ્થાન છે. બ્રાયડન કાર્સેની 5 વિકેટ તેમને બોલરોમાં 6 સ્થાન ઉપર લઈ ગઈ. તેઓ 638 પોઈન્ટ્સો સાથે 23મા સ્થાને આવી ગયો. તેને ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ ફાયદો મળ્યો. કાર્સ આઠમા સ્થાને (238 પોઈન્ટ્સ) છે.બુધવારે જાહેર થયેલી ICC રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના પેસર્સને ફાયદો થયો છે. મેલબોર્નમાં રમાયેલી ચોથી એશિઝ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શનના આધારે ઓસ્ટ્રેલિયાના ડાબા હાથના ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં બીજા નંબર પર પહોંચી ગયા છે. સ્ટાર્કના ખાતામાં હવે 843 રેટિંગ પોઈન્ટ્સ છે. તેઓ નંબર-1 પર રહેલા ભારતીય પેસર જસપ્રીત બુમરાહ (879 પોઈન્ટ્સ)થી 36 પોઈન્ટ પાછળ છે. મેલબોર્ન ટેસ્ટમાં કુલ 36 વિકેટ પડી, જેમાંથી 35 વિકેટ ઝડપી બોલરોએ લીધી. આ જ કારણે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના પેસર્સને રેન્કિંગમાં મોટો ફાયદો થયો. જોકે, સ્ટાર્ક માટે હાલમાં ટોચના સ્થાને પહોંચવું સરળ નહીં હોય, કારણ કે ઓસ્ટ્રેલિયન ટીમને આવનારા સમયમાં લાંબા સમય સુધી કોઈ ટેસ્ટ મેચ રમવાની નથી. જોશ ટંગે (5/45 અને 2/44) મેલબોર્ન ટેસ્ટમાં કુલ 7 વિકેટ ઝડપી. તેને બોલિંગ રેન્કિંગમાં 13 સ્થાનનો ફાયદો થયો. તે 573 રેટિંગ પોઈન્ટ્સ સાથે 30મા સ્થાને પહોંચી ગયો છે. આ મેચમાં ઈંગ્લેન્ડને આ પ્રવાસમાં પ્રથમ જીત મળી. ગસ એટકિન્સને નવી બોલથી ટ્રેવિસ હેડની મહત્વની વિકેટ લીધી. તેણે કુલ ત્રણ વિકેટ લીધી અને ચાર સ્થાનની છલાંગ લગાવીને 698 પોઈન્ટ્સ સાથે સંયુક્ત રીતે 13મા સ્થાને પહોંચી ગયો. સ્કોટ બોલેન્ડ 2 સ્થાનની છલાંગ લગાવીને 810 રેટિંગ પોઈન્ટ્સો સાથે સાતમા સ્થાને પહોંચી ગયા. જે તેમના કારકિર્દીનું શ્રેષ્ઠ સ્થાન છે. બ્રાયડન કાર્સેની 5 વિકેટ તેમને બોલરોમાં 6 સ્થાન ઉપર લઈ ગઈ. તેઓ 638 પોઈન્ટ્સો સાથે 23મા સ્થાને આવી ગયો. તેને ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ ફાયદો મળ્યો. કાર્સ આઠમા સ્થાને (238 પોઈન્ટ્સ) છે. ઈંગ્લેન્ડના હેરી બ્રુક ટેસ્ટ બેટર્સમાં 3 સ્થાન ઉપર ચઢીને 846 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને પહોંચી ગયો છે. સ્કોટ બોલેન્ડ 2 સ્થાનની છલાંગ લગાવીને 810 રેટિંગ પોઈન્ટ્સો સાથે સાતમા સ્થાને પહોંચી ગયા. જે તેમના કારકિર્દીનું શ્રેષ્ઠ સ્થાન છે. બ્રાયડન કાર્સેની 5 વિકેટ તેમને બોલરોમાં 6 સ્થાન ઉપર લઈ ગઈ. તેઓ 638 પોઈન્ટ્સો સાથે 23મા સ્થાને આવી ગયો. તેને ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ ફાયદો મળ્યો. કાર્સ આઠમા સ્થાને (238 પોઈન્ટ્સ) છે. ઈંગ્લેન્ડના હેરી બ્રુક ટેસ્ટ બેટર્સમાં 3 સ્થાન ઉપર ચઢીને 846 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને પહોંચી ગયો છે. બ્રુકે ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ (811 પોઈન્ટ્સ), ટ્રેવિસ હેડ (816 પોઈન્ટ્સ) અને ન્યૂઝીલેન્ડના કેન વિલિયમસન (816 પોઈન્ટ્સ)ને પાછળ છોડી દીધો છે. તે ટોપ પોઝિશન માટે જો રૂટ (867 પોઈન્ટ્સ) થી પાછળ છે. બ્રુક મેલબોર્ન ટેસ્ટમાં 41 રન અને અણનમ 18 રનની ઈનિંગ્સ રમીને ઈંગ્લેન્ડની જીત સુનિશ્ચિત કરી.

વન-ડે બેટર્સના ટોપ-10માં 4 ભારતીય

વનડે બેટર્સની રેન્કિંગમાં ભારતના 4 બેટર્સ સામેલ છે. જેમાં રોહિત શર્મા ટોપ પર છે. વિરાટ કોહલી બીજા સ્થાને આવી ગયો છે. કેપ્ટન શુભમન ગિલ નંબર-5 અને શ્રેયસ અય્યર 10મા સ્થાને છે.

# વિરાટની અનુષ્કા સાથે નવા વર્ષની ઉજવણી, ચહેરા પર સ્પાઈડરમેન - સ્ટાઈલ માસ્કનો ફોટો શેર કર્યો



મુંબઈ, તા. 01

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ નવા વર્ષ 2026ની શરૂઆત પત્ની અનુષ્કા શર્મા સાથે કરી. તેણે ઈન્સ્ટાગ્રામ પર બંનેનો એક ફોટો શેર કરતા લખ્યું કે તે “મારા જીવનની રોશની” સાથે નવા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસવીરમાં વિરાટ અને અનુષ્કા બંને માસ્ક પહેરેલા જોવા મળી રહ્યા છે. વિરાટે સ્પાઈડર-મેન સ્ટાઈલનો માસ્ક પહેર્યો છે. આ તસવીર ચાહકોમાં ઝડપથી વાયરલ થઈ રહી છે. ક્રિકેટ મેદાન પર વાપસી પહેલા વિરાટ આ દિવસોમાં પરિવાર સાથે સમય વિતાવી રહ્યા છે. તેમને વિજય હઝારે ટ્રોફી અને ત્યારબાદ ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં એક્શનમાં પાછા ફરવાનું છે.

ફક્ત વનડે ફોર્મેટમાં રમી રહ્યા છે વિરાટ

T-20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, વિરાટ કોહલી હવે ફક્ત વનડે ફોર્મેટમાં રમી રહ્યા છે. 37 વર્ષીય કોહલીએ 15 વર્ષ પછી ભારતની મુખ્ય ઘરેલું વનડે સ્પર્ધા વિજય હજારે ટ્રોફીમાં વાપસી કરતા સતત બે ઈનિંગ્સમાં 131 અને 77 રન બનાવ્યા. આ દરમિયાન વિરાટે લિસ્ટ-એ ક્રિકેટમાં 16,000 રન પૂરા કરવાનો રેકોર્ડ બનાવ્યો અને આ સિદ્ધિ સૌથી ઝડપથી હાંસલ કરનાર બેટ્સમેન બન્યા. આ મામલે તેમણે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો. આ પહેલા સાઉથ આફ્રિકા સામેની તાજેતરની વનડે શ્રેણીમાં પણ વિરાટનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. તેમણે બે સદી અને એક અડધી સદીની મદદથી ભારતને 2-1 થી શ્રેણી જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ન્યુઝીલેન્ડ સામેની આગામી શ્રેણી

ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે ત્રણ મેચની વનડે શ્રેણીની તૈયારીમાં જોડાશે. ટીમ 8 જાન્યુઆરીએ વડોદરામાં એકત્ર થશે. શ્રેણીની પ્રથમ મેચ 11 જાન્યુઆરીએ વડોદરામાં, બીજી 14 જાન્યુઆરીએ રાજકોટમાં અને ત્રીજી 18 જાન્યુઆરીએ ઈન્દોરમાં રમાશે. ત્યારબાદ 21 થી 31 જાન્યુઆરી વચ્ચે પાંચ મેચની T20 શ્રેણી રમાશે.

MS ધોનીએ થાઈલેન્ડમાં કરી નવા વર્ષની ઉજવણી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન MS ધોનીએ 2026નું સ્વાગત થાઈલેન્ડમાં કર્યું. તેમની પત્ની સાક્ષી ધોનીએ સોશિયલ મીડિયા પર એક ખાસ તસવીર શેર કરી છે, જે જોતા જ જોતા ફેન્સ વચ્ચે ચર્ચાનો વિષય બની ગઈ. તસવીરમાં ધોની પોતાના પરિવાર સાથે નજરે પડે છે, જેમાં ખાસ કરીને તેમની દીકરી જીવા સૌનું ધ્યાન ખેંચી રહી છે.

થાઈલેન્ડના ફુકેટથી સામે આવી પાર્ટીની તસવીર

સાક્ષી ધોનીએ શેર કરેલી આ તસવીર થાઈલેન્ડના પ્રખ્યાત પ્રવાસન સ્થળ ફુકેટની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ફોટોમાં સમગ્ર પરિવાર ન્યૂ યર પાર્ટીમાં ખુશમિજાજમાં દેખાય છે. ધોની અને સાક્ષીએ ગોલ્ડન કલરની પાર્ટી કેપ પહેરી છે, જ્યારે સાક્ષી ગોલ્ડન શેડના વેસ્ટર્ન આઉટફિટમાં નજરે પડે છે.

### રાશિદ ખાન કેપ્ટન, ઈબ્રાહિમ ઝદરાન વાઈસ કેપ્ટન; વેસ્ટ ઈન્ડીઝ સિરીઝથી વર્લ્ડ કપની તૈયારી થશે

# T20 વર્લ્ડ કપ 2026 માટે અફઘાનિસ્તાનની ટીમ જાહેર

## વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝથી અમને યોગ્ય ટીમ કોમ્બિનેશન નક્કી કરવામાં મદદ મળશે

મુંબઈ, તા. 01

અફઘાનિસ્તાને T20 વર્લ્ડ કપ 2026 માટે 15 સભ્યોની ટીમ ની જાહેરાત કરી દીધી છે. ટીમની આગેવાની રાશિદ ખાનને સોંપવામાં આવી છે, જ્યારે ઈબ્રાહિમ ઝાદરાન વાઈસ કેપ્ટન હશે. વર્લ્ડ કપ પહેલાં આ ટીમ UAEમાં વેસ્ટ ઈન્ડીઝ સામે ત્રણ મેચની T20 સિરીઝ પણ રમશે. ફઝલહક ફારૂકી અને ગુલબદ્દીન નઈબની વાપસી ટીમમાં ઝડપી બોલર ફઝલહક ફારૂકી અને ઓલરાઉન્ડર ગુલબદીન નઈબની વાપસી થઈ છે. બંને ખેલાડીઓને આ પહેલા બાંગ્લાદેશ પ્રવાસમાંથી બહાર રાખ્યા હતા. આ ઉપરાંત મુજીબ ઉર રહેમાન અને નવીન-ઉલ-હકને પણ સ્ક્વોડમાં સ્થાન મળ્યું છે. ફઝલહક ફારૂકી ટીમમાં પરત ફર્યો છે. નવીન-ઉલ-હક સંપૂર્ણપણે ફિટ ફાસ્ટ બોલર નવીન-ઉલ-હક ઈજામાંથી સાજા થઈ ગયો છે અને પસંદગી માટે ઉપલબ્ધ છે. તે એશિયા કપ દરમિયાન ફિટનેસના કારણોસર ટીમમાંથી બહાર હતો. અલ્લાહ ગઝનફર રિઝર્વમાં ઓફ સ્પિનર મુજીબ ઉર રહેમાનની પસંદગીને કારણે યુવા મિસ્ટ્રી સ્પિનર અલ્લાહ ગઝનફરને રિઝર્વ ખેલાડીઓમાં રાખ્યો છે. તેની સાથે ઈજાઝ અહેમદઝઈ અને ઝિયા ઉર રહેમાન શરીફી પણ રિઝર્વ યાદીમાં સામેલ છે. T20 વર્લ્ડ કપ 2024માં ટીમ સેમિફાઈનલ સુધી પહોંચી હતી છેલ્લા T20 વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાને પહેલીવાર સેમિફાઈનલ સુધીનો પ્રવાસ કર્યો હતો. ટીમે ન્યૂઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડીઝ, ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ જેવી મજબૂત ટીમને હરાવી હતી. વેસ્ટ ઈન્ડીઝ સિરીઝથી ટીમ કોમ્બિનેશન નક્કી થશે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB)ના CEO નસીબ ખાને કહ્યું, છેલ્લા વર્લ્ડ કપનું પ્રદર્શન અમારા માટે ગર્વનો વિષય છે. એશિયન પરિસ્થિતિઓમાં અમે વધુ સારું રમવાની અપેક્ષા રાખી રહ્યા છીએ. વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝથી અમને યોગ્ય ટીમ કોમ્બિનેશન નક્કી કરવામાં મદદ મળશે. અફઘાનિસ્તાન અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની T20 સિરીઝ 19 થી 22 જાન્યુઆરી સુધી રમાશે.




# પ્રભાસ-તૃપ્તિ ડિમરી અભિનીત 'સ્પિરિટ'નો ફર્સ્ટ લુક રિવીલ



મુંબઈ, તા. 01

ફિલ્મમેકર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ’સ્પિરિટ’નો ફર્સ્ટ લુક સામે આવી ગયો છે. ફિલ્મના આ ઓફિશિયલ પોસ્ટરમાં પ્રભાસ અને તૃપ્તિ ડિમરીનો લુક રિવિલ કરવામાં આવ્યો છે. બંને કલાકારનો ખૂબ જ ઈન્ટેન્સ લુક જોવા મળી રહ્યો છે. ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટર શેર કરતા ફેન્સને નવા વર્ષની શુભકામનાઓ આપી. સાથે જ, તેમણે પોસ્ટના કેપ્શનમાં લખ્યું- ‘ભારતીય સિનેમા...પોતાના અજનુબાહુ/અજનુબહુને જુઓ.’ જ્યારે, ફિલ્મના મેકર્સે સ્પિરિટ પોસ્ટર શેર કરતા લખ્યું કે- ‘ચાલો નવા વર્ષનું સ્વાગત જોશથી ભરેલા ’સ્પિરિટ’ના પહેલા પોસ્ટર સાથે કરીએ. તમને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી વસ્તુઓ ગમી. હવે એવી વસ્તુઓને પ્રેમ કરો જેના અસ્તિત્વ વિશે તમે ક્યારેય જાણતા ન હતા.’ પોસ્ટરમાં પ્રભાસ અને તૃપ્તિ એક બારી પાસે ઉભેલા દેખાઈ રહ્યા છે. પ્રભાસ લાંબા વાળ, લાંબી દાઢી અને મૂછો સાથે શર્ટલેસ જોવા મળી રહ્યો છે. તેમના શરીર પર ઈજાના નિશાન અને ખભા, હાથ અને પીઠ પર ઘણી પટ્ટીઓ બાંધેલી છે. પ્રભાસના હોઠમાં સિગારેટ છે અને એક હાથમાં દારૂનો ગ્લાસ છે. ત્યાં, તૃપ્તિ આછા ગ્રે રંગની સાડીમાં પ્રભાસની નજીક ઉભેલી જોવા મળી રહી છે અને તે પ્રભાસની સિગારેટ સળગાવતી દેખાઈ રહી છે. તૃપ્તિનો ચહેરો ઘણો શાંત અને ગંભીર દેખાઈ રહ્યો છે. આ ફિલ્મમાં સંદીપ પહેલા દીપિકા પાદુકોણને લેવા માંગતા હતા. પરંતુ 2024ના સપ્ટેમ્બરમાં જ્યારે દીપિકા માતા બની, ત્યારબાદ તેણે પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં સંતુલન જાળવવા માટે આઠ કલાકની શિફ્ટની માંગ કરી. આ ઉપરાંત તેણે અઠવાડિયામાં ફક્ત 5 દિવસ કામ કરવાની અને વધુ ફીની માંગ કરી હતી. એક્ટ્રેસની આ બધી માંગણીઓથી ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા ખુશ નહોતા. તેણે દીપિકાની માંગણીઓને અનપ્રોફેશનલ ગણાવીને ફિલ્મમાં તેને તૃપ્તિ ડિમરીથી બદલી નાખી. આ ઉપરાંત તેણે અઠવાડિયામાં ફક્ત 5 દિવસ કામ કરવાની અને વધુ ફીની માંગ કરી હતી. એક્ટ્રેસની આ બધી માંગણીઓથી ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા ખુશ નહોતા. તેણે દીપિકાની માંગણીઓને અનપ્રોફેશનલ ગણાવીને ફિલ્મમાં તેને તૃપ્તિ ડિમરીથી બદલી નાખી.



# 'ધુરંધર'ની સફળતાથી 'ટોક્સિક'ના મેકર્સ ડરી ગયા!

## 'ધુરંધર 2'ને ટક્કર આપવા મોટી સ્ટારકાસ્ટ રિવીલ, 'KGF' સ્ટાર યશ માટે પણ અગ્નિપરીક્ષા જેવી સ્થિતિ

મુંબઈ, તા. 01

રણવીર સિંહની ફિલ્મ ’ધુરંધર’ વર્ષ 2025ની સૌથી મોટી ફિલ્મ સાબિત થઈ છે. ફિલ્મે રિલીઝના 26 દિવસમાં જ ઘણા મોટા રેકોર્ડ તોડ્યા છે. હવે આ ફિલ્મનો બીજો ભાગ ’ધુરંધર-2’ નવા વર્ષે 19 માર્ચે રિલીઝ થશે, જે દિવસે KGF સ્ટાર યશની ફિલ્મ ’ટોક્સિક’ પણ રિલીઝ થઈ રહી છે. ’ધુરંધર’ પહેલા ભાગથી જ દેશભરમાં છવાયેલી છે, જેની મોટી સ્ટારકાસ્ટે દરેકનું ધ્યાન ખેંચ્યું છે. આવી સ્થિતિમાં, હવે ક્લેશની તૈયારી કરતા ’ટોક્સિક’ના મેકર્સ પણ સતત ફિલ્મની મોટી સ્ટારકાસ્ટ રિવીલ કરી રહ્યા છે. સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારાનો લુક રિવીલ કરાયો ફિલ્મના ડિરેક્ટર અને એક્ટર યશે બુધવારે ફિલ્મમાંથી સાઉથની લેડી સુપરસ્ટાર કહેવાતી નયનતારાનો ’ટોક્સિક’નો લુક રિવીલ કર્યો છે. નયનતારા ફિલ્મમાં ગંગાનું પાત્ર ભજવી રહી છે. ફિલ્મના પોસ્ટરમાં તે હાથમાં ગન લઈને ઉભી છે. કિયારા અડવાણી અને હુમા કુરેશી આ ફિલ્મથી કન્નડ સિનેમામાં ડેબ્યૂ કરી રહી છે. આ ઉપરાંત તારા સુતારિયા પણ મહત્વની ભૂમિકા ભજવશે. ’પીકુ’, ’ફિતૂર’, ’ફાઈટર’ અને ’સની સંસ્કારી કી તુલસી કુમારી’માં જોવા મળેલો બોલિવૂડ એક્ટર અક્ષય ઓબેરોય પણ આ ફિલ્મમાં છે. આ જ રીત યશની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ માટે કારગર સાબિત થઈ હતી. ખરેખર, યશને વર્ષ 2018ની ફિલ્મ ’KGF’થી દેશભરમાં ઓળખ મળી હતી. તે પહેલાં તેની લોકપ્રિયતા સાઉથ સિનેમા પૂરતી જ મર્યાદિત હતી.

# અભિષેક સાથે સગાઈની ચર્ચા વચ્ચે જિયા શંકરનો મોટો ધડાકો

## મિસ્ટ્રી મેનનો કિસ કરતો ફોટો પોસ્ટ કર્યો; એક્ટ્રેસ અને યુટ્યુબરના ચાહકો મૂંઝવણમાં મૂકાયા

મુંબઈ, તા. 01

થોડા દિવસો પહેલા બિગ બોસ OTT 2 ફેમ એક્ટ્રેસ જિયા શંકર અને આ જ શોમાં રનર અપ રહેલા યુટ્યુબર અભિષેક મલ્હાનની સગાઈના સમાચાર આવ્યા હતા. પરંતુ હવે જિયાએ આ સમાચારોને નકારી કાઢતા એક ફોટો પોસ્ટ કર્યો છે. બુધવારે જિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક સેલ્ફી પોસ્ટ કરી હતી, જેમાં તે એક વ્યક્તિ સાથે જોવા મળી રહી છે. જોકે, જિયાએ તે વ્યક્તિની ઓળખ જાહેર કરી નથી. સેલ્ફીમાં મિસ્ટ્રી મેન જિયાના ગાલ પર કિસ કરતો જોવા મળી રહ્યો છે. આ સેલ્ફી સાથે જિયાએ કેપ્શનમાં લખ્યું- ’ખોટી



અફવાઓને 2025માં જ છોડી દો.’ જિયાના આ ફોટોથી સ્પષ્ટ થઈ ગયું છે કે, તે ન તો અભિષેકને ડેટ કરી રહી છે અને ન તો બંનેની સગાઈ થઈ છે. નોંધનીય છે કે, યુટ્યુબર અભિષેક અને જિયાની સગાઈની અફવા તે સમયે ફેલાવવાની શરૂ થઈ, જ્યારે એન્ટરટેઈનમેન્ટ એકાઉન્ટ ’ટેલી ખજાના’એ ટ્વીટ કર્યું. તેણે પોતાના ટ્વીટમાં લખ્યું,’આ ઓફિશિયલ છે. ફુકરા ઈન્સાન અને જિયા શંકરે પોતાના સંબંધોને સાર્વજનિક કરી દીધા છે અને સમાચાર મુજબ જલ્દી જ સગાઈ થઈ શકે છે. આ સુંદર કપલને હંમેશા પ્રેમ અને ખુશીની શુભેચ્છાઓ.’ જિયા અને અભિષેકની મિત્રતાની વાત કરીએ, તો બંને ’બિગ બોસ OTT-2’માં જોવા મળ્યાં હતાં, જ્યાં બંનેની ખૂબ સારી મિત્રતા થઈ ગઈ હતી. પરંતુ શોમાંથી બહાર નીકળતા જ જિયા અને અભિષેકે એકબીજાને બ્લોક કરી દીધાં હતાં. જિયાના વર્ક ફ્રન્ટની વાત કરીએ, તો તેણે ઘણા ટીવી શો, વેબ સિરીઝ, ફિલ્મો અને મ્યુઝિક વીડિયો માટે કામ કર્યું છે. જિયાનું સૌથી ચર્ચિત કામ રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખ સાથે ફિલ્મ ’વેડ’માં રહ્યું છે. આ ફિલ્મમાં તેણે નિશા કાટકરનો રોલ કર્યો હતો.

# સોના-ચાંદીના ભાવમાં સતત ત્રીજા દિવસે ઘટાડો: ચાંદી 2,520 રૂપિયા ઘટીને ₹2,27,900 પર આવી, સોનું ₹1.33 લાખ પર આવ્યું

**મુંબઈ, તા.01**

નવા વર્ષના પહેલા દિવસે આજે એટલે કે 1 જાન્યુઆરી 2026ના રોજ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 44 રૂપિયા ઘટીને 1,33,151 રૂપિયા પર આવી ગયો છે. ગઈકાલે તે 1,33,195 રૂપિયા/10g પર હતો.

જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 2,520 રૂપિયા ઘટીને 2,27,900 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,30,420 રૂપિયા પ્રતિ કિલો હતી. આજે સતત ત્રીજો દિવસ છે જ્યારે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

આ પહેલા 29 ડિસેમ્બરે કારોબાર દરમિયાન સોનાની કિંમત 1,38,161 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદીની 2,43,483 રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી ગઈ હતી. આ બંનેનો અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ એટલે કે ઓલ ટાઈમ હાઈ રેટ છે.

ગયા વર્ષે એટલે કે 2025 માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમય દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.



IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માંગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નહીં, જરૂરી કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો ભારે સ્ટોક જમા કરી રહી છે, ગ્લોબલ સપ્લાયમાં ઘટાડાથી કિંમતો વધી છે.

મેન્યુફેક્ચરર્સમાં સ્પર્ધા - પ્રોડક્શન અટકવાના ડરથી બધા પહેલાથી ખરીદી રહ્યા છે, આ જ કારણોસર આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માંગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવા સંજોગોમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે આ વર્ષના અંત સુધીમાં ચાંદીની કિંમત 2.10 લાખ રૂપિયા પ્રતિ કિલો પહોંચી શકે છે. જો સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સંજોગોમાં આગામી વર્ષ સુધીમાં તે 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## 2025માં સોના-ચાંદીના ભાવમાં ઐતિહાસિક વધારો, ચાંદી 1.45 લાખ જ્યારે સોનું 57 હજાર મોંઘું થયું

2025ના સમગ્ર વર્ષ દરમિયાન સોના-ચાંદીના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી હતી. 2025માં સોના-ચાંદીના ભાવોએ અનેક વાર ઓલ ટાઈમ હાઈની સપાટી વટાવી નવા ને નવા રેકોર્ડ સર્જ્યા. જેના લીધે ગત વર્ષે પ્રતિ 10 ગ્રામ સોનાના ભાવમાં રૂપિયા 57,000 જ્યારે પ્રતિ કિ.ગ્રા. ચાંદીના ભાવમાં રૂપિયા 1,45,000નો વધારો જોવા મળ્યો હતો.

મુંબઈ ઝવેરી બજારમાં 2025ના વર્ષના છેલ્લા દિવસે સોના-ચાંદીના ભાવમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં ભાવ તૂટતા ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. અમેરિકામાં કિંમતી ધાતુઓના વાયદાઓમાં સટ્ટારૂપી તત્ત્વોને કાબુમાં રાખવા તેજીવાળાઓ પર માર્જિનમાં વધુ વૃદ્ધિ કરવામાં આવ્યાના નિર્દેશો મળ્યા હતા.

આના પગલે વિશ્વ બજારમાં સોના-ચાંદીના ભાવ ઝડપી તૂટ્યા હતા. ડૉલર ઈન્ડેક્સ વધતાં



ફંડોની પણ વેચવાલી જોવા મળી હતી. દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ 10 ગ્રામના રૂ.3000 તૂટી 995ના ભાવ રૂ.1,36,200 તથા 999ના રૂ.1,35,500 બોલાઈ ગયા હતા.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં સોનું ઔંસ દીઠ 4395 ડૉલરથી ઘટીને 4294 ડૉલરના સ્તરે પહોંચ્યું હતું, જે બાદમાં થોડું રિકવર થઈ 4313 થી 4314 ડૉલરની સપાટીએ રહ્યું હતું. તેવી જ રીતે, વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસ દીઠ 75.70 ડૉલરથી ગગડીને 70.52 ડૉલર સુધી ગયા બાદ 71.86થી 71.87 ડૉલર પર ટ્રેડ થઈ રહ્યા હતા.

ચાંદી: રૂ. 2,32,329ના સ્તરેથી ઘટીને રૂ. 2,29,433 થયા બાદ અંતે રૂ. 2,30,420 પર બંધ રહી હતી. મુંબઈ બજારમાં સોના-ચાંદીના GST સાથેના અંતિમ ભાવ ઉપરોક્ત કિંમતો કરતા 3 ટકા ઊંચા રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના 2207થી 2208 વાળા નીચામાં 1929 થઈ 2016થી 2017 ડૉલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ 1641થી 1642 વાળા નીચામાં 1489 થઈ 1583થી 1584 ડૉલર રહ્યા હતા. કોપરના વૈશ્વિક ભાવ આજે 195 ટકા તૂટ્યા હતા. ક્રૂડતેલ પણ નરમ હતું. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં 61.07 થઈ 61.59 ડૉલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ નીચામાં 57.69 થઈ 58.23 ડૉલર રહ્યા હતા. મુંબઈ બજારમાં 2025ના વર્ષમાં સોનાના ભાવમાં રૂ.57000નો તથા ચાંદીના ભાવમાં વાર્ષિક રૂ.1,45,000નો જંગી ઉછાળો નોંધાયો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.

# સેન્સેક્સ 32 પોઈન્ટ ઘટીને 85,189 પર બંધ: નિફ્ટીમાં 17 પોઈન્ટનો ઉછાળો, ઓટો અને આઈટી શેર વધ્યા, FMCG અને ફાર્માં ઘટ્યા

**મુંબઈ, તા.01**

વર્ષના પહેલા દિવસે, ગુરુવાર, 1 જાન્યુઆરી, 2026ના રોજ, શેરબજાર સ્થિર રહ્યું. સેન્સેક્સ 32 પોઈન્ટ ઘટીને 85,189 પર બંધ થયો. નિફ્ટી 17 પોઈન્ટ વધીને 26,147 પર બંધ થયો

સેન્સેક્સના 30માંથી 21 શેર વધ્યા હતા, જ્યારે નિફ્ટીના 50માંથી 38 શેર વધ્યા હતા. ઓટો, આઈટી અને મેટલ શેરોમાં ઉછાળો આવ્યો હતો, જ્યારે એફએમસીજી અને ફાર્માસ્યુટિકલ શેરોમાં ઘટાડો થયો હતો.

ITCના શેર 10% ઘટ્યા આવતા મહિનાથી સિગારેટના ભાવમાં 20% સુધીનો વધારો થઈ શકે છે. આનું કારણ સરકારની એક્સાઈઝ ડ્યુટી છે. ટેક્સ વધારાના સમાચારની અસર શેરબજાર પર પણ પડી. દેશની સૌથી મોટી સિગારેટ કંપની ITCના શેર આજે 9.69% ઘટીને 363.95 પર બંધ થયા. માર્લબોરો જેવી બ્રાન્ડ વેચતી કંપની ગોડફ્રે ફિલિપ્સ પણ 17.17% ઘટીને બંધ થયા.




31 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 3,597.38 કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 6,759.64 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 31 તારીખ સુધીમાં FIIs એ કુલ 34,349.62 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,619.91 કરોડના શેર ખરીદ્યા છે. નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

વર્ષના છેલ્લા દિવસે એટલે કે આજે, 31 ડિસેમ્બરે શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 546 પોઈન્ટ વધીને 85,221 પર બંધ થયો. નિફ્ટીમાં 191 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 26,130 પર બંધ થયો.

સેન્સેક્સના 30 માંથી 25 શેરોમાં તેજી જોવા મળી. નિફ્ટીના 50 શેરોમાંથી 44 વધીને બંધ થયા. આજે બેન્કિંગ, મેટલ, એનર્જી અને FMCG શેરોમાં વધુ વધારો જોવા મળ્યો.

# સિગારેટ પીવી મોંઘી થશે: 40% GST ઉપરાંત સરકારે ₹8,500 સુધી વધારી એક્સાઈઝ ડ્યૂટી, પાન મસાલા-ગુટકા પર નવો સેસ લાગશે

**નવી દિલ્હી, તા.01**

કેન્દ્ર સરકારે તમાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ ડ્યૂટી લગાવવાનો નિર્ણય કર્યો છે. નવો નિયમ 1 ફેબ્રુઆરી 2026થી લાગુ થશે, જેનાથી દેશના 25 કરોડથી વધુ સ્મોકર્સ માટે સિગારેટ પીવી મોંઘી થઈ જશે.

નાણાં મંત્રાલયે બુધવાર, 31 ડિસેમ્બરના રોજ મોડીરાત્રે તમાકુ, જર્દા અને ગુટકા પેકેજિંગ મશીનો સાથે સંકળાયેલા નવા નિયમો (કેપેસિટી ડિટરમિનેશન એન્ડ કલેક્શન ઓફ ડ્યૂટી, નિયમ 2026)ને નોટિફાય કર્યા છે.

નવા નિયમો અનુસાર, સિગારેટની લંબાઈના આધારે પ્રતિ 1,000 સ્ટિક્સ પર 2,050 રૂપિયાથી લઈને 8,500 રૂપિયા સુધીની એક્સાઈઝ ડ્યૂટી વસૂલવામાં આવશે. આ ડ્યૂટી હાલના ટેક્સ સ્ટ્રક્ચર ઉપરાંત વધારાની હશે. સરકારનો ઉદ્દેશ તમાકુ ઉત્પાદનો પર ટેક્સ વ્યવસ્થાને વધુ કડક બનાવવાનો છે.

આ સમાચાર આવતાં જ સિગારેટ બનાવતી કંપનીઓના



શેરોમાં ભારે વેચવાલી જોવા મળી રહી છે. 'ગોલ્ડ ફ્લેક' અને 'ક્લાસિક' જેવા બ્રાન્ડ બનાવતી માર્કેટ લીડર કંપની ITCનો શેર 8.62% ઘટીને 402 રૂપિયાથી 368 રૂપિયાના સ્તરે કારોબાર કરી રહ્યો છે.

જ્યારે માર્લબો સિગારેટ વેચતી કંપની ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાના શેરોમાં પણ 12%નો ઘટાડો જોવા મળ્યો છે. FMCG ઈન્ડેક્સમાં પણ એની અસર દેખાઈ રહી છે અને એ 3%થી વધુ ઘટીને કારોબાર કરી રહ્યો છે.

ભારતમાં તમાકુ ઉત્પાદનો (પાન મસાલા અને સિગારેટ) પર પહેલેથી જ 40% GST લાગે છે. હવે 1 ફેબ્રુઆરીથી સરકારે 'કમ્પેન્સેશન સેસ'ને સમાપ્ત કરીને તેની જગ્યાએ 'હેલ્થ અને નેશનલ સિક્યોરિટી સેસ' અને 'એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી' લગાવવાની જોગવાઈ કરી છે. સંસદે ડિસેમ્બર 2025માં જ આ સંબંધિત બે બિલને મંજૂરી આપી દીધી હતી.

નવા નોટિફિકેશન અનુસાર, જ્યાં સિગારેટ અને પાન મસાલા પર 40% GST લાગશે, ત્યાં બીડી પર ટેક્સનો દર 18% જ રાખવામાં આવ્યો છે. પાન મસાલા મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ પર નવો હેલ્થ અને નેશનલ સિક્યોરિટી સેસ લાગશે. આ શુલ્ક મશીનની ક્ષમતાના આધારે વસૂલવામાં આવશે, જેથી ટેક્સ ચોરીને રોકી શકાય.

અત્યારસુધી GST લાગુ થયા પછી રાજ્યોને થતાં નુકસાનની ભરપાઈ કરવા માટે કોમ્પેન્સેશન સેસ લગાવવામાં આવતો હતો. હવે સરકાર GST વ્યવસ્થાને રેશનલાઈઝ કરી રહી છે, જેના હેઠળ આ સેસને સમાપ્ત કરીને એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી અને હેલ્થ સેસ લાવવામાં આવ્યો છે. 1 ફેબ્રુઆરી 2026 થી જૂના તમામ કોમ્પેન્સેશન સેસ સમાપ્ત થઈ જશે.

દુનિયામાં સૌથી વધુ તમાકુનું સેવન કરતા દેશોની યાદીમાં ચીન પછી ભારત બીજા નંબર પર છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, ભારતમાં 15 વર્ષ કે તેથી વધુ ઉંમરના 25.3 કરોડ લોકો ધૂમ્રપાન કરે છે. તેમાંથી લગભગ 20 કરોડ પુરુષો છે અને 5.3 કરોડ મહિલા છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, દર વર્ષે સમગ્ર વિશ્વમાં સિગારેટ પીવાના કારણે 80 લાખથી વધુ લોકો અકાળે મૃત્યુ પામે છે. જ્યારે ભારતમાં દર વર્ષે ધૂમ્રપાનના કારણે 10 લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. જો તેમાં અન્ય તમાકુ ઉત્પાદનોના સેવનથી થતાં મૃત્યુના આંકડા પણ ઉમેરવામાં આવે તો ભારતમાં દર વર્ષે લગભગ 13.5 લાખ લોકો તમાકુના સેવનના કારણે મૃત્યુ પામે છે.

યુનિવર્સિટી કોલેજ લંડન અનુસાર, સિગારેટ પીવાથી લોકોની આયુષ્ય મર્યાદા ઝડપથી ઘટી રહી છે. એક સિગારેટ પીવાથી જીવનના 20 મિનિટ ઓછા થાય છે. જ્યારે જો કોઈ 10 વર્ષ સુધી દરરોજ 10 સિગારેટ પીવે છે, તો એનો અર્થ એ છે કે તેના જીવનના 500 દિવસ ઓછા થઈ ગયા છે.

# AC-ફ્રિજ ખરીદવા હવે વધારે રૂપિયા ખર્ચવા પડશે: BEE સ્ટાર રેટિંગના નવા નિયમો 1 જાન્યુઆરીથી લાગુ, ભાવમાં 10% સુધીનો વધારો થશે

**નવી દિલ્હી, તા.01**

નવા વર્ષમાં રેફ્રિજરેટર (ફ્રિજ) અને એર કંડિશનર (AC) જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મોંઘા થઈ શકે છે, કારણ કે આજે (1 જાન્યુઆરી) થી બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) ના નવા સ્ટાર રેટિંગ નિયમો લાગુ થઈ ગયા છે. તેના કારણે રૂમ એર કંડિશનરની કિંમતોમાં 10% અને ફ્રિજના ભાવમાં 5% સુધીનો વધારો થઈ શકે છે.

કંપનીઓનું કહેવું છે કે નવા રેટિંગ મુજબ મશીનરીમાં ફેરફાર અને મોંઘા કમ્પોનન્ટ્સના ઉપયોગને કારણે આ વધારો જરૂરી બન્યો છે. આ ઉપરાંત, ડોલર સામે રૂપિયાની નબળાઈ અને ગ્લોબલ માર્કેટમાં કોપર (તાંબા) ના વધતા ભાવ પણ ઉત્પાદકો પર દબાણ લાવી રહ્યા છે.

BEEના નવા નિયમો હેઠળ એનર્જી એફિશિયન્સીના ધોરણો કડક બન્યા છે. બ્લુ સ્ટારના મેનેજિંગ ડિરેક્ટર બી. ત્યાગરાજને જણાવ્યું કે નવા નિયમો લાગુ થયા




પછી આજનું 5-સ્ટાર AC આવતીકાલનું 4-સ્ટાર બની જશે. આ જ રીતે, હાલના 4-સ્ટારને 3-સ્ટાર અને 3-સ્ટારને 2-સ્ટાર રેટિંગ આપવામાં આવશે.

ત્યાગરાજનના મતે, નવું 5-સ્ટાર AC આજના કરતા 10% વધુ વીજળી બચાવશે, પરંતુ તેની કિંમત પણ લગભગ 10% વધુ હશે. આ એક રીતે સંપૂર્ણપણે નવું ઉત્પાદન હશે જે આજના 6 કે 7-સ્ટાર રેટિંગ જેટલી કાર્યક્ષમતા આપશે. BEE એ માત્ર AC અને ફ્રિજ માટે જ નહીં, પરંતુ અન્ય ઘણા ઘરેલું ઉપકરણો માટે પણ સ્ટાર લેબલિંગ ફરજિયાત બનાવ્યું છે. 1 જાન્યુઆરીથી ટેલિવિઝન (TV), LPG ગેસ સ્ટવ, કૂલિંગ ટાવર્સ અને ચિલર્સ પર પણ સ્ટાર રેટિંગ આપવું ફરજિયાત બનશે. તેનાથી ગ્રાહકોને સામાન ખરીદતી વખતે કયું ઉપકરણ કેટલી વીજળી કે ગેસ બચાવશે તે સમજવામાં સરળતા રહેશે. આ વર્ષે સપ્ટેમ્બરમાં સરકારે રૂમ એર કંડિશનર પર GSTમાં 10%નો ઘટાડો કર્યો હતો, જેનાથી ગ્રાહકોને રાહત મળી હતી. જોકે, હવે સ્ટાર રેટિંગમાં ફેરફાર અને કાચા માલ મોંઘા થવાથી કિંમતોમાં જે વધારો થશે, તેનાથી GSTનો ફાયદો લગભગ ખતમ થઈ જશે. ડાઈકિન એરકંડિશનિંગ ઈન્ડિયાના ચેરમેન કમલજીત જાવાનું કહેવું છે કે નવી કિંમતો પછી ભાવ તે જ સ્તર પર પહોંચી શકે છે, જે GST ઘટાડા પહેલા હતા.

ગોદરેજ એપ્લાયન્સિસના બિઝનેસ હેડ કમલ નંદીએ કહ્યું કે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડસ્ટ્રી આ સમયે બેવડો માર સહન કરી રહી છે. એક તરફ રૂપિયાની ઘટતી કિંમત અને કોપર જેવી કોમોડિટીઝની વધતી કિંમતો છે, તો બીજી તરફ એનર્જી રેટિંગમાં ફેરફાર. આ બધાને ભેગા કરીને ACની કિંમતોમાં 5-7% અને ફ્રિજમાં 3-5% સુધીનો વધારો જોવા મળી શકે છે.

વોલ્ટાસના સિનિયર બિઝનેસ લીડર જયંત બાલનનું માનવું છે કે રેટિંગમાં ફેરફારથી ગ્રાહકોનું વર્તન બદલાઈ રહ્યું છે. લોકો નવા ભાવ લાગુ પડે તે પહેલા જ ખરીદી કરવા માગી રહ્યા છે, જેથી તેઓ વર્તમાન ભાવ અને સ્ટોકનો લાભ લઈ શકે. બાલન અનુસાર, અલગ-અલગ મોડેલ અને કેટેગરી પ્રમાણે સરેરાશ 7-8% સુધી ભાવ વધી શકે છે, જેના કારણે બજારમાં અત્યારથી જ હલચલ તેજ બની ગઈ છે.

## આ મહિને 16 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય: 4 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત 10 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંકો બંધ રહેશે

**મુંબઈ, તા.01**

નવા વર્ષના પહેલા મહિના એટલે કે જાન્યુઆરી 2026માં દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ 16 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ કેલેન્ડર મુજબ, આ મહિને 4 રવિવાર અને બીજા-ચોથા શનિવાર ઉપરાંત 10 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંક બંધ રહેશે. આવી સ્થિતિમાં જો તમને આ મહિને બેંક સંબંધિત કોઈ જરૂરી કામ હોય તો આ રજાઓને ધ્યાનમાં રાખવી પડશે. તમે બેંકોની રજા હોવા છતાં ઓનલાઈન બેંકિંગ (UPI, IMPS, NEFT, RTGS) અને ATM દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. આ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ અસર નહીં થાય. શેરબજારમાં જાન્યુઆરી 2026માં 9 દિવસ ટ્રેડિંગ નહીં થાય. BSEની ઓફિશિયલ વેબસાઈટ અનુસાર 4 રવિવાર અને 4 શનિવાર ઉપરાંત 26 જાન્યુઆરીએ ગણતંત્ર દિવસ પર ટ્રેડિંગ બંધ રહેશે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ**

**ડિઝાઇન, પરીક્ષણ અને ડિઝાઇન, 25 KV, AC OHE અને અન્ય સહયોગી કાર્યોનું કમિશનિંગ**

**ઇ-ટેન્ડર સૂચના નં-EL/C/ADI/TRD/46R-1/2025-26 1. કામનું નામ અને તેનું સ્થાન:** સોનાસણ સાથે જોડાણમાં 25 kv, AC OHE અને અન્ય સંકળાયેલ કામોનું ડિઝાઇન, પરીક્ષણ અને કમિશનિંગ - 825x25 મીટર એપ્રોચ રોડ અને અન્ય ગુડ્સ શેડ સુવિધાઓના આઈલેન્ડ PF સાથે લાઇન નં. 1 (HMT એન્ડ) ના DE ને લંબાવીને બે લોડિંગ લાઈનો પૂરી પાડવી. **2. કામની અંદાજિત કિંમત:** ૧,૫૮,૧૬,૫૧૦/- **3. કમાણી ડિપોઝિટ કરવાની રહેશે:** ઉલ્લેખિત મુજબ IREPS પોર્ટલ. **4. તારીખ અને સમય બોલી સબમિટ કરવા અને ખોલવા:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **5. ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. **6. કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** 12 મહિના **7. વેબસાઇટ સ્પેશિયલ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું:** નોટિસ બોર્ડ અને ઓફિસ Dy મુખ્ય વિદ્યુત ઇજનેર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન-અસરવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫)

**www.ireps.gov.in** CPM 108

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ**

**વિવિધ બાંધકામ કાર્યો**

**ઇ-ટેન્ડર સૂચના નંબર DYCE-C-JAM-KNLS-OKHA-01** નાયબ મુખ્ય ઈજનેર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, જામનગર ભારતીય સંઘના પ્રમુખ વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે: **1) કામનું નામ અને તેનું સ્થાન:** પશ્ચિમ રેલ્વે પર રાજકોટ વિભાગ હેઠળ રાજકોટ-ઓખા સેક્શનમાં કનાલુસ-ઓખા (દેવભૂમિ દ્વારકા) બીજી ડબલિંગના સંબંધમાં સ્ટાફ ક્વાર્ટર્સ, રેસ્ટ હાઉસ, ઓફિસો, અન્ય માળખાં અને વિવિધ પુલ અને માર્ગના કામોનું બાંધકામ. **2) કામની અંદાજિત કિંમત:** 319814723.34 (એકત્રીસ કરોડ અઠ્ઠાણુ લાખ ચૌદ હજાર સાતસો ત્રેવીસ પૈસા) **3) પૂર્ણતા સમયગાળો:** ૧૨ મહિના **4) કમાણી:** ₹૧૭૪૯૧૦૦.૦૦ **5) સબમિટ કરવાની તારીખ અને સમય બિડ અને બિડ ખોલવાની તારીખ:** સબમિશન: ૨૭.૦૧.૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી ખુલવાની તારીખ: ૨૭.૦૧.૨૦૨૬ વાગ્યે ૧૫.૧૫ કલાક **6) વેબસાઇટની વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર કન્સ્ટ્રક્શન જામનગર/પશ્ચિમ રેલ્વેનું કાર્યાલય, SSE/WORKS/HAPA ઓફિસ પાછળ, હાપા રેલ્વે સ્ટેશન પાસે, હાપા, ગુજરાત-361120 વેબસાઈટ:

**www.ireps.gov.in** CPM 107

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# 11-12 જાન્યુઆરીએ PM મોદી ગુજરાત આવશે: રાજકોટમાં રોડ શો કરી વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે

**રાજકોટ, તા.01**

PM મોદી 11 અને 12 જાન્યુઆરીએ ગુજરાતના મહેમાન બનશે. 11મી તારીખે રાજકોટમાં રોડ શો યોજી સૌરાષ્ટ્ર-કચ્છ રીજનલ વાઈબ્રન્ટ સમિટનો પ્રારંભ કરાવશે. ત્યાર બાદ 12મી જાન્યુઆરીએ અમદાવાદમાં આયોજિત કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવશે.

કાઈટ ફેસ્ટિવલ સમયે જર્મનીના ચાન્સેલર ગુજરાતના મહેમાન બનવાના છે. ત્યારે પીએમ મોદી અને ચાન્સેલર વચ્ચે મુલાકાત થઈ શકે છે. પીએમની બે દિવસીય ગુજરાત મુલાકાતને લઈ હાલ રાજકોટ અને અમદાવાદમાં વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટમાં 11 અને 12 જાન્યુઆરી મારવાડી યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર - કચ્છની રીજનલ વાઈબ્રન્ટ સમિટ યોજવાની છે ત્યારે એની સમીક્ષા માટે આજે પ્રભારી મંત્રી જિતુ વાઘાણી રાજકોટ આવી પહોંચ્યા હતા અને તમામ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી, જે બાદ જાહેર કર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11મી જાન્યુઆરીના બપોરે રાજકોટ પધારશે. જૂના એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી દ્વારા સ્વદેશી થીમ સાથે તેમનું સ્વાગત થશે, જે બાદ એક કિલોમીટર જેટલો તેમનો રોડ શો યોજાશે. ગુજરાતની પ્રથમ રીજનલ વાઈબ્રન્ટ સમિટ મહેસાણામાં યોજાયા બાદ હવે રાજકોટમાં યોજાઈ રહી છે, ત્યારે એમાં ખુદ વડાપ્રધાન આવી રહ્યા હોઈ, તેમનું ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્વાગત થશે. આ વાઈબ્રન્ટ સમિટમાં જાપાન અને યુક્રેન સહિત 22 દેશો જોડાવાના છે. 6,364 ઉદ્યોગકારોનાં રજિસ્ટ્રેશન થઇ ચૂક્યાં છે. 26400 ચોરસ મીટરમાં ટ્રેડ શો થશે, જેમાં સૌરાષ્ટ્ર - કચ્છના ઓટોમોબાઈલ, સિરામિક સહિતના ઉદ્યોગોને વૈશ્વિક ફલક મળવાનું છે.



રાજકોટમાં પ્રભારી મંત્રી જિતુ વાઘાણીએ જણાવ્યું હતું કે બીજી રીજનલ વાઈબ્રન્ટ સમિટ સૌરાષ્ટ્ર - કચ્છ માટે રાજકોટમાં 11 અને 12 જાન્યુઆરીના યોજાઇ રહી છે, જેનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. એ માટે તા.11 મીએ બપોરે વડાપ્રધાન મોદી રાજકોટના જૂના એરપોર્ટ ખાતે પહોંચશે, જેથી તેમના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્માના હસ્તે પીએમનું સ્વદેશી થીમ સાથે સ્વાગત કરવામાં આવશે. મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે ત્યારે તેમાં ટ્રેડ શોનું પીએમના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે, જેમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જાપાન, યુક્રેન, રિપબ્લિક ઓફ કોરિયા, રિપબ્લિક ઓફ રવાન્ડા જેવા દેશો છે. અત્યારસુધીમાં 6,364 રજિસ્ટ્રેશન થઇ ચૂક્યા છે, જેમાં ભારત સહિત 22 દેશોના આંતરરાષ્ટ્રીય કક્ષાનાં રજિસ્ટ્રેશન થયાં છે. 26400 ચોરસ મીટરમાં સમગ્ર પ્રદર્શન યોજાશે, જે મહેસાણાથી પણ મોટું હશે. આ ઉપરાંત 4500 ચોરસ મીટરમાં પેવેલિયન બનાવવામાં આવ્યું છે, જેમાં MSME, કુટીર અને હસ્તકલા ઉદ્યોગના ઉદ્યોગકારો હશે, જેમાં મુખ્ય આકર્ષણની વાત કરવામાં આવે તો ડેઈલી લક્કી ડ્રો, કારીગરો દ્વારા થતું ઉત્પાદન, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને GI ટેગ ડિસ્પ્લે રહેશે, જેમાં અદાણી, રિલાયન્સ અને ટાટા કેમિકલ જેવી મોટી કંપનીઓ પણ ચાર ક્ષેત્રમાં સહભાગીદાર થવાની છે. અહીં 4000થી વધુ ઉદ્યમીઓ હશે. 20થી વધુ સેમિનાર હોલમાં દરરોજ અલગ અલગ ક્ષેત્રના સેમિનાર યોજવામાં આવશે. રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં 11 અને 12 જાન્યુઆરીના રીજનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ચાર વાઈબ્રન્ટ સમિટ થઈ રહી છે, જેમાં મહેસાણામાં અગાઉ આ સમિટ થઈ ચૂકી છે અને હવે સૌરાષ્ટ્ર કચ્છની રીજનલ વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાવા જઈ રહી છે. એ બાદ વડોદરા અને છેલ્લે સુરતમાં રીજનલ વાઈબ્રન્ટ સમિટ યોજાશે. મારવાડી યુનિવર્સિટીમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં ઉદ્યોગકારો માટે ઉપયોગી અલગ અલગ પ્રકારના સેમિનાર યોજાશે. આ વાઈબ્રન્ટ સમિટથી સૌરાષ્ટ્ર કચ્છના તમામ ઉદ્યોગકારોને ફાયદો થશે.

# નિરમા-ટાઇડના નામે 'મ્યાઉં મ્યાઉં' ડ્રગ્સ વેચતો: ઇન્સ્ટાગ્રામ પર કપડાં ધોવાના પાઉડરના નામે વેચાતું મોતનું પડીકું....

સુરત, તા.01

જ્યારે આખું સુરત શહેર વર્ષ 2026ના આગમનની ઉજવણીમાં ડૂબેલું હતું ત્યારે સુરત SOGની ટીમે ડ્રગ્સ-પેડલરની ધરપકડ કરી છે. અમરોલીના છાપરાભાઠા વિસ્તારમાંથી પોલીસે જીલ ઠુંમર નામના યુવકની ધરપકડ કરી હતી. તેની પાસેથી 236 ગ્રામ 'મ્યાઉં મ્યાઉં' (MD) ક્રિસ્ટલ ડ્રગ્સ ઝડપી પાડ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂપિયા 7 લાખ જેટલી થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જીલ તેના 'આકા'ના કહેવા પર કમિશનની લાલચે આ ડ્રગ્સની ડિલિવરી કરવા માટે જઈ રહ્યો હતો. નવા વર્ષની પાર્ટીઓમાં આ ડ્રગ્સ સપ્લાય થાય એ પહેલાં જ પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો અને આ રેકેટના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે.



બાતમીના આધારે પોલીસે અમરોલીના છાપરાભાઠા રોડ પર ગણેશનગર રો-હાઉસ પાસે વોચ ગોઠવી હતી. આ ઓપરેશન દરમિયાન પોલીસે 21 વર્ષીય જીલ ભૂપતભાઇ ઠુંમરને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો, જેની પાસેથી મોટી માત્રામાં નશીલા પદાર્થનો જથ્થો મળી આવતાં પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે આરોપી જીલ ઠુંમર મેફેડ્રોન ડ્રગ્સ માટે 'NIRMA' (નિરમા), 'TIDE' (ટાઈડ), 'OG' અને 'દવા' જેવા કોડવર્ડ વાપરતો હતો. જો કોઈ ગ્રાહક મેસેજમાં 'નિરમા' માગે તો એનો અર્થ એ હતો કે તેને હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન ડ્રગ્સ જોઈએ છે.

પોલીસે જ્યારે જીલની તપાસ કરી ત્યારે તેની પાસેથી 236.780 ગ્રામ હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન (MD) ડ્રગ્સ મળ્યું હતું. આ જથ્થાની બજાર કિંમત આશરે 7,10,340 રૂપિયા આંકવામાં આવી છે. આ ડ્રગ્સ એટલું શુદ્ધ હતું કે નશાના બજારમાં તેની ભારે માગ રહેતી હોય છે. પોલીસે ડ્રગ્સની સાથે 45,000 રૂપિયાનો મોબાઈલ ફોન મળી કુલ 7,55,340 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી છે.

આ કેસમાં સૌથી રસપ્રદ બાબત આરોપીની મોડસઓપરેન્ડી છે. પકડાયેલો આરોપી જીલ ઠુંમર અત્યંત સાવચેતીથી નશાનો વેપાર કરતો હતો. પોલીસને ચકમો આપવા માટે તે સોશિયલ મીડિયા પર ડ્રગ્સ માટે અનોખા કોડવર્ડ વાપરતો હતો. તે ગ્રાહકો સાથે વાતચીત કરતી વખતે મેફેડ્રોન માટે NIRMA, OG, TIDE અથવા 'દવા' જેવા શબ્દોનો ઉપયોગ કરતો હતો. સામાન્ય માણસને લાગે કે કપડાં ધોવાના પાઉડરની વાત થાય છે, પણ હકીકતમાં તે મોતનો સામાન વેચવાનો સોદો રહેતો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી જીલ ઠુંમર ગ્રાહકો મેળવવા અને ઓર્ડર લેવા માટે WhatsApp, Instagram અને Snapchat જેવા પ્લેટફોર્મનો ભરપૂર ઉપયોગ કરતો હતો. ડિજિટલ યુગમાં પોલીસની પકડથી બચવા માટે તે ફોન કોલ્સના બદલે ઈન્ટરનેટ કોલિંગ અને ચેટિંગ પર નિર્ભર હતો. આ કોડવર્ડ દ્વારા તે યુવાધનને નશાના માર્ગે ધકેલવાનું કામ કરતો હતો, પરંતુ તેની આ હાઈટેક ચાલને SOGએ ટેક્નિકલ સર્વેલન્સની મદદથી નિષ્ફળ બનાવી દીધી છે.

# 11 જાન્યુ.ની ભારત-ન્યૂઝી. મેચની ટિકિટ લેવા ક્રિકેટ ફેન્સની પડાપડી: 15 મિનિટમાં જ સોલ્ડ આઉટ થઈ, યુવાઓએ બ્લેક માર્કેટિંગ થયું હોવાની આશંકા વ્યક્ત કરી

**વડોદરા, તા.01**

શહેરના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે આગામી 11 જાન્યુઆરીના રોજ ભારત ન્યુઝીલેન્ડ વચ્ચે વન ડે ઈન્ટરનેશનલ મેચ યોજાનાર છે. જેને લઈને ટિકિટ બુક કરાવવા માટે આજે બુક માય શો પર સ્લોટ શરૂ થયો હતો પરંતુ, આ સ્લોટ બુકિંગ શરૂ થઈ 10થી 15 મિનિટોમાં જ ટિકિટ સોલ્ડ આઉટ થતા હજારો ક્રિકેટપ્રેમીઓ નારાજ થયા છે. આ અંગે અમે કેટલાક ક્રિકેટ ચાહકો સાથે વાતચીત કરતા તેઓએ



પોતાની વેદના વ્યક્ત કરી હતી. સાથે તેઓએ આ ટિકિટોમાં કારાબજારી થઈ હોવાની આશંકા વ્યક્ત કરી નિરાશા અનુભવી રહ્યા છે.

આ બાબતે અમે બરોડા ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અજીત લેલે સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, બુક માય શો પર આજે સ્લોટ શરૂ કરવામાં આવ્યો હતો. એક સ્લોટ પૂર્ણ થયો છે આવતી કાલે સવારે 11 કલાકે ફરી શરૂ થશે અને જેટલી ટિકિટ બાકી હશે તે મુજબ શરૂ રહેશે. ટિકિટ બુક થઈ જતા જ તે બંધ થઈ જશે. સ્ટેડિયમની કેપીસીટી 30 હજાર છે, જેમાંથી 4 હજાર સભ્યોની છે. બાકીનું ઑનલાઇન બુક થાય છે. આ બુકિંગ માત્ર પાંચ દસ મિનિટમાં પૂર્ણ થઈ જાય છે.

ક્રિકેટ પ્રેમી કૃણાલ પટેલે જણાવ્યું હતું કે, ઘણા ટાઈમથી અમે ક્રિકેટ પણ થોડું-થોડું રમીએ છીએ અને અમને ક્રિકેટમાં ઘણો રસ છે તો અમે વિચાર્યું હતું કે, બધા સાથે મળીને મેચ જોવા જઈશું પણ અમે બુક-માય-શો (BookMyShow) માં તરત જ ચેક કરતા હતા. આજે 11 વાગ્યે કે ટિકિટ ઉપલબ્ધ થતા 10-15 મિનિટમાં તરત જ સોલ્ડ આઉટ (sold out) થઈ ગઈ હતી. આવું સામાન્ય રીતે તો ના બને અને અમને થોડો ડાઉટ જાય છે કે આટલી જલ્દી ટિકિટ કેવી રીતે સોલ્ડ આઉટ થઈ જાય.

# વડોદરાના જાંબુવા બ્રિજ પાસે અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળ્યો

## યુવકની લાશ પાસેથી બેગ અને હેલ્મેટ મળ્યું, મોતનું કારણ અકબંધ, પોલીસે પરિવારની શોધખોળ હાથ ધરી

**વડોદરા, તા.01**

વડોદરા શહેરના છેવાડે આવેલા જાંબુવા ગામના બ્રિજ પાસેથી અજાણી વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અજાણ્યા મૃતદેહ અંગેની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને લાશનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અજાણ્યો વ્યક્તિ કોણ છે અને કઈ રીતે મૃત્યુ પામ્યો તે દિશામાં તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી પ્રમાણે શહેરના જાંબુવા બ્રિજ પાસે એક અજાણી વ્યક્તિનો મૃતદેહ પડ્યો હોવાની વાત વિસ્તારમાં ફેલાતા કુતૂહલવશ લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. બીજી બાજુ આ અંગેની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી ગઇ હતી અને સ્થળ ઉપર પ્રાથમિક તપાસ કર્યા બાદ ફાયર બ્રિગેડની મદદ લઇ લાશ સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

આ વ્યક્તિના મૃતદેહ પાસેથી પોલીસને હેલ્મેટ અને બેગ મળી આવી છે. પોલીસે તે કબજે કરી મૃતકની ઓળખ કરવા માટે તપાસ હાથ ધરી છે. મોતનું કારણ જાણી શકાયું નથી. આ રહસ્યમય મોતનો ભેદ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ખૂલશે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી શકયતાઓને નકારી શકાય તેમ નથી.

હાલમાં પોલીસે આ યુવક ક્યાંનો છે, અહીંયા કેમ ગયો અને કયા કારણોસર મૃત્યુ પામ્યો, તેના વાલી વારસ કોણ છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. યુવકના મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. પોલીસે હાલમાં આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# 'ખંડણીખોર AAP નેતાઓને સજા આપો', સુરત કોર્ટ પરિસરમાં સૂત્રોચ્ચાર

## ભાજપના અનાજ માફિયાએ ખોટી FIR કરી શ્રવણને ફસાવ્યો, SOGએ મારમારી કબૂલાતનો વીડિયો બનાવ્યો: ધર્મેશ ભંડેરી

**સુરત, તા.01**

સુરતમાં AAPના યુવા પાંખના મહામંત્રી શ્રવણ જોશી અને તેના સાથીદાર ચંપત ચૌધરી સામે લિંબાયત વિસ્તારના વેપારીઓને ડરાવી-ધમકાવીને ખંડણી વસૂલવાનો ગુનો નોંધાયો છે. હાલમાં આ મામલે રાજકારણ ગરમાયું છે. આ સમગ્ર ઘટનાને આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખે ભાજપનું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, ભાજપ સાથે જોડાયેલા અનાજ માફિયાઓ અને ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડતા તેઓ દ્વારા ખોટી ફરિયાદ કરી પાર્ટીના કાર્યકર્તાઓને ફસાવવામાં આવ્યાં છે. આ સાથે જ પોલીસ દ્વારા માર મારી બળજબરીથી ચંપત ચૌધરી પાસે કબૂલાત કરાવાઈ હોવાનો પણ આપ શહેર પ્રમુખે આક્ષેપ કર્યા છે.

તો બીજી તરફ આજે સુરત કોર્ટ પરિસરમાં વેપારી-પીડિતોએ શ્રવણ જોશી અને ચંપત ચૌધરી સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ સૂત્રોચ્ચાર કરી આરોપીઓ વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવા અને



ન્યાયની માગ કરી હતી. આ સમગ્ર મામલે આમ આદમી પાર્ટીના સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના યુવા નેતા શ્રવણકુમાર જોશીને જે રીતે બદનામ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. મૂળ રાજસ્થાન બ્રહ્મ સમાજનો યુવાન, ટેક્સટાઈલના વ્યવસાય સાથે જોડાયેલ, રાષ્ટ્રીય સ્વયંસેવકનો સ્વયંસેવક, રાષ્ટ્રીય વિચારધારાથી સંપન્ન, ભ્રષ્ટાચારીઓ સામે લડાઈ લડતો યુવાન આમ આદમી પાર્ટી સુરતમાં યુવા મોરચા મહામંત્રી તરીકે જવાબદારી સંભાળે છે.

શ્રવણ જોષીનું ફેસબુક પેજ ખોલીને છેલ્લા બે મહિનાની ગતિવિધિ જોઈએ તો પણ ખ્યાલ આવશે કે એમણે અનાજ માફીયાઓ સામે અવાજ ઉઠાવ્યો છે. ખોટી જગ્યાએ ઊભા રહીને ટ્રાફિક ચલણના નામે મેમો ફાડીને ખોટા ઉઘરાણા કરતા લોકોને ઉઘાડા પાડવાનું કામ કર્યું છે. SMCના લિંબાયત વિસ્તારમાં જ્યાં જ્યાં ગોબાચારી ચાલે છે, એના વિરોધમાં અધિકારીઓને આક્રમકતા સાથે રજૂઆત કરવી, આસપાસ દાદાના મંદિરની આસપાસ ગેરકાયદેસર રીતે ખુલ્લામાં વેચાતા માંસ-મટન, ગૌમાંસની વિરોધમાં સોસાયટીના લોકો સાથે રહી લડાઈ લડવી, દારૂના અડ્ડાઓ ખુલ્લા પાડવા જેવા તમામ ગેરકાયદેસર ગોરખધંધાઓ ઉજાગર કરવાનું કામ કરીને લોકહિતના-લોકજાગૃતિના કાર્યો કરતા આવ્યા છે. લિંબાયત વિસ્તારના લોકોમાં આમ આદમી પાર્ટી પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. લોકોની અંદર રહેલો ડર ધીમે-ધીમે કરતાં દૂર થઈ રહ્યો હોવાથી લોકોનું વલણ આમ આદમી પાર્ટી તરફ સકારાત્મક બની રહ્યુ છે, જેના કારણે ભારતીય જનતા પાર્ટીના પેટમાં તેલ રેડાયું. જેથી ત્યાંના સ્થાનિક ધારાસભ્ય, ત્યાંના સ્થાનિક કોર્પોરેટરોને એમ થયું કે, જો આ હજુ વધુ મજબૂતાઈથી આગળ વધશે તો કાલે અમારી સત્તા ખતરામાં આવી જશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર